સુવિચાર
લક્ષને પ્રાપ્ત કરવું હોય તો બધાનો સહયોગ જોઈએ અથવા સહયોગ પામવો.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૭/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૮૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી ઓપરેશન
દુખાવાના દર્દીઓ માટે વિશેષ સારવાર સુવિધા
■ગરદન - કમર - ઘુંટણ- મણકાનો દુઃખાવો ■હાથ-પગમાં ખાલી ચડવી કે દુઃખાવો થવો
■ખભાનો દુઃખાવો કે ખભેથી હાથ ઉંચો ન થવો ■હાડકાનાં ઓપરેશન પછીનો દુઃખાવો
અકસ્માત ઈજા ફેકચર ?
નિદાન ફી રૂા. ૫૦/-
• રાહતદરે એક્સ-રે
• રાહત દરે લેબોરેટરી
ડો. આનંદ કારીયા
ઓર્થોપેડીક સર્જન
સમય સોમ થી શનિ
સવારેઃ ૧૦:૦૦ થી ૧:૦૦
સાંજે : ૫:૦૦ થી ૮:૦૦ સુધી
૨૪ X ૭ કલાક ઈમરજન્સી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦
ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## અમરેલી અને વડિયામાં સવા ઈંચ, ખાંભામાં ૨ ઈંચ વરસાદ પડયો

# અમરેલી જિલ્લામાં મોટાભાગનાં વિસ્તારોમાં મેઘાની ધબધબાટી

**ચિતલ, મોટા આંકડીયા, નાના ભંડારીયા સહિતનાં ગામોમાં પણ મુશળધાર વરસાદથી સૌ ખૂશ**

**વડિયા, બરવાળા બાવળ, ખડખડ, તોરી, ઉજળા, ખાન ખીજડીયામાં પણ વરસાદ**

**ધારી અને ખાંભાના ગીરકાંઠા વિસ્તારમાં પણ વરસાદથી ખેડૂતો ખૂશ**

**રાજુલા, જાફરાબાદ પંથકમાં પણ સામાન્યથી લઈને અર્ધો ઈંચ વરસાદ**



અમરેલી, તા.૧૧

અમરેલી શહેર સહિત જિલ્લામાં આજે ફરી એક વખત હળવા ઝાપટાથી લઈ બે ઈંચ જેટલો વરસાદ પડયો હતો. જેને લઈ ખેતરોમાંથી પાણી વહી ગયા હતા.

અમરેલી શહેરમાં પડેલા સવા ઈંચ જેટલા પડેલા વરસાદનાં કારણે શહેરની તમામ મુખ્ય બજારોમાં નદીઓ વહેવા લાગી હતી. જયારે શહેરમાં નિચાણવાળા વિસ્તારોમાંથી પાણી ભરાયા હતા. અમરેલી શહેરમાં ધોધમાર વરસાદ પડતા શહેરની મધ્યમાં આવેલ જુના માર્કેટ યાર્ડ રોડ તથા ડો.જીવરાજ મહેતા ચોક સહિતનાં વિસ્તારોમાં ગોઠણ ડુબ વરસાદી પાણી ભરાયા હતા. જયારે ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તાર તથા બસસ્ટેન્ડમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થતા અમરેલી નગરપાલિકાની પ્રી–મોનસુનની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયેલ છે. જયારે અમરેલી તાલુકાના ચિતલ, મોટા આંકડીયા, નાના ભંડારીયા વિગેરે ગામમાં ધોધમાર વરસાદ પડયો હતો.

અમરેલી શહેર ઉપરાંત જિલ્લામાં ગીર પંથકમાં પણ સવારે ધોધમાર વરસાદ પડયો હતો. ખાંભા શહેરમાં બે ઈંચ વરસાદ પડતા લીમડી પરા, મિતિયાળા રોડ, આશ્રમ પરા સહિત વિસ્તારમાં વહેતા થતા ખાંભા શહેરની બજારોમાં નદી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ઉપરાંત ખાંભા ગીરના નાનુડી, દીવાનના સરાકડીયા સહિત ગામોમાં શરૂ વરસાદ થતા વાવણી બાદ બીજા રાઉન્ડમાં વરસાદ શરૂ થતા જગતાત ખુશખુશાલ જોવા મળ્યો હતો.

ધારી ગીર પંથકમાં પણ કાળા ડીબાંગ વાદળો છવાયા બાદ ધારી શહેરમાં વરસાદ પડયો હતો. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી વાતાવરણ જામ્યુ હતુ.

રાજુલા તાલુકાના ડુંગર, કુંભારીયા, દેવકા, માંડરડી, આગરીયા, વાવેરા સહિતના ગામોમાં વરસાદ વરસતા અને વાવણી બાદ સારા વરસાદને પગલે ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા.

વડીયા શહેર સાજે વડીયા

અનુસંધાન પાના ૬ ઉપર

## તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ રવજીભાઈ પાનસુરીયાએ કર્યુ નિરીક્ષણ

# આલેલે : વડિયાનાં જીથુડી ગામે નિર્માધિન પુલની દીવાલ ધરાશાયી

**બાંધકામ એજન્સી, એસઓ અને ઈજનેર પાસેથી નાણાની રીકવરી કરવા માંગ**



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૧૧

વડિયા – કુકાવાવ તાલુકાનાં જીથુડી ગામે નિર્માણાધિન પુલની દિવાલ ધરાશાયી થયાનો આક્ષેપ તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ રવજીભાઈ પાનસુરીયાએ કર્યો છે.

નાગરીકોની સુગમતા અને સરળતા એજ અગ્રીમતા એવા મેસેજ સાથે તે નિરીક્ષણ કરતા હોય એવા ફોટા ધારાસભ્યની ફેસબુક અપલોડ થાય છે. ચાર દિવસ બાદ પાપ છાપરે ચડી પોકારે છે બે પછેડી છાંટામાં રમકડાં જેમ પુલની પુર પ્રોડકશન દિવાલ ધરાશાયી થાય છે. ગામલોકો દ્વારા તેનો વિડીયો બનાવવામાં આવે છે. સીમેન્ટની જગ્યાએ ધુળનાં ઢગલાઓ જોવા મળે છે. ધારાસભ્ય પણ શંકાના દાયરા આવે છે અને કુંકાવાવ–વડીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ રવજીભાઈ પાનસુરીયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને તપાસ કરવાની રજૂઆત કરી છે કે થોડો વરસાદ થયો હોત આ પુલ દરીયામાં જાત જે જવાબદાર કોન્ટ્રાકટર, એસઓ, ઈજનેર તેમની પાસે રિકવરી કરવામાં આવે અને જવાબદારને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

**બકરા ચરાવવા ગયા બાદ હાથ ધોવા જતાં**

# રાજુલાનાં હિંડોરણાનાં વીંટી તળાવમાં પગ લપસતા ડૂબી જવાથી સગીરનું નિધન

અમરેલી, તા. ૧૧

રાજુલા તાલુકાના હિંડોરણા કિક્રેટ ગ્રાઉન્ડ પાસે રહેતા રવિભાઈ રાજુભાઈ ખારચિયાના સગાભાઈ કરણભાઈ રાજુભાઈ ખારચિયા નામનાં ૧૫ વર્ષિય તરૂણ ગત તા. ૧૦ના બપોરના ૨ વાગ્યાના સમયે બકરા ચરાવવા ગયેલ હોય અને હિંડોરણા ગામના પંચાયત સિંચાઈ વિભાગનું વીંટી તળાવની પાસે હાથ પગ ધોવા માટે ગયેલ અને અચાનક પગ લપસી ગયેલ હોય અને તરતા આવડતું ન હોય જેથી પાણીમાં ડુબી જતા કરણભાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ સંચાલીત
કોલેજ વિભાગ - અમરેલી
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત...
સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા પ્રમુખશ્રી : વસંતભાઈ ગજેરા
: પ્રવેશ શરૂ :
• B.Sc - માઈક્રોબાયોલોજી (ધો.૧૨ સાયન્સ બી.ગ્રુપ પાસ)
• B.C.A. - ધોરણ ૧૨ આર્ટસ, કોમર્સ તથા સાયન્સ પાસ
• B.A. - ધોરણ ૧૨ આર્ટસ પાસ
• B.Com - ધોરણ ૧૨ કોમર્સ પાસ • M.Com - બી.કોમ પાસ
• B.B.A - ધોરણ ૧૨ આર્ટસ, કોમર્સ તથા સાયન્સ પાસ
• B.Sc (N) - ધોરણ ૧૨ (ફિઝિકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી/બી.ગ્રુપ)
• PB.BSc-After GNM
• GNM - ધોરણ ૧૨ આર્ટસ, કોમર્સ તથા સાયન્સ 40% પાસીંગ
• ANM - ધોરણ ૧૨ આર્ટસ, કોમર્સ તથા સાયન્સ 40% પાસીંગ (ફકત ગર્લ્સ)
નર્સીંગ કોલેજ વિભાગ સંપર્ક નં. 99242 20811
• વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રકચર
• અનુભવી અને કવોલીફાઈડ સ્ટાફ
• આકર્ષક કોમ્પ્યુટર લેબ
• આકર્ષક વિશાળ સ્પોર્ટસ ગ્રાઉન્ડ
• તમામ કલાસરૂમ તેમજ પરિસરમાં કેમેરા તથા ફાયર સેફટીની સુવિધા
• SC/ST નાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર
• ગર્લ્સ માટે કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા
• પુસ્તકો અને જર્નલસની વિશાળ સંખ્યા સાથેનું પુસ્તકાલય
B.C.A કોલેજ વિભાગ સંપર્ક નં. 92652 42718
કે.કે.પારેખ કોમર્સ કોલેજ વિભાગ સંપર્ક નં. 99255 41273
હેલ્પ લાઈન નંબર :- 909 909 8220
કાર્યાલય સમય : સવારે ૯ થી ૧, બપોરે ૨:૩૦ થી ૫:૩૦
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી–૩૬૫૬૦૧ (ગુજરાત)

## સામાન્ય વરસાદ પડતાં માર્ગોમાં મસમોટા ગાબડાઓ પડી રહ્યા હોય

# મેઘરાજા કરી રહ્યા છે માર્ગ-મકાન વિભાગનાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ

**બાંધકામ એજન્સી, ભ્રષ્ટ અધિકારીઓ અને બેઈમાન રાજકીય આગેવાનોની ત્રિપુટીનાં કારનામા આવી રહ્યા છે પ્રકાશમાં**

**માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓને વાતાનુકુલિન કચેરીની બહાર નીકળવામાં કોઈ રસ નથી**

**વર્ગ-૩નાં ગણાતા એસઓ કક્ષાનાં કર્મચારીનાં માર્ગદર્શનતળે કરોડો રૂપિયાનાં કામો થાય છે**

**ગાંધી અને સરદારનાં ગુજરાતને આજે ભ્રષ્ટાચાર નામની બલ્લાએ ખરેખર ચુંગાલમાં ફસાવ્યું છે**

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં આમ તો મોટાભાગનાં માર્ગો, પુલો અને સરકારી મકાનો બનાવવામાં દાયકાઓથી દે ધનાધન કરવામાં આવી રહ્યું છે. કારણ કે બાંધકામ એજન્સી, ભ્રષ્ટ અધિકારી અને બેઈમાન રાજકીય આગેવાનોની ત્રિપુટી જનતાનાં પરસેવાનાં પૈસા કેવી રીતે ઘરભેગા કરવા તેનાં કાર્યમાં વ્યસ્ત જોવા મળે છે.

દરમિયાનમાં અમરેલી જિલ્લામાં તાજેતરમાં શરૂ થયેલ વરસાદી માહોલમાં મેઘરાજા સટાસટી બોલાવી રહ્યા છે અને મેઘરાજાની સટાસટીથી જિલ્લાનાં અનેક માર્ગો બનાવવામાં થયેલ ભ્રષ્ટાચારનો પર્દાફાશ થઈ રહ્યો છે. જિલ્લાનાં મોટાભાગનાં માર્ગો, પુલો અને સરકારી મકાનો બનાવવામાં નિયમોને નેવે મુકી દેવાયા છે.

માર્ગ-મકાન વિભાગ એટલે ભ્રષ્ટાચાર અને ગેરરીતિ કરવાનો પરવાનો હોય તેમ ઉચ્ચ અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાં બેસીને મહારાજાની જેમ ફરજ બજાવે અને એસઓ એટલે કે વર્ગ-૩નાં કર્મચારીનાં માર્ગદર્શન તળે કરોડો રૂપિયાનાં ખર્ચે માર્ગો, મકાનો અને પુલો બને અને જનતાનો મરો થાય છે.

ગાંધી અને સરદારનાં ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં ભ્રષ્ટાચારે હદ વાટવી છે. લગભગ તમામ સરકારી વિભાગોમાં બ.ફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. જેમાં માર્ગ-મકાન વિભાગનાં ભ્રષ્ટ અધિકારીઓ પણ કરોડો રૂપિયામાં આળોટી રહ્યા છે. એસીબી, આવકવેરા વિભાગ ધ્વારા તપાસ કરવામાં આવે તો અનેક ''સાગઠીયા'' જેવા અધિકારીઓ ઝડપાઈ શકે તેમ છે.

---

### પાલિકાનાં શાસકોએ દવા છંટકાવ કરવો જરૂરી

## જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં પાણી જન્ય રોગચાળો ફેલાવવાની દહેશત

**પાણી પહેલા પાળ બાંધવા માંગ થઈ**

જાફરાબાદ, તા. ૧૧



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારોમાં તળાવ જેમાં ભરાયેલા હોય ગંદકીને ગંદા પાણીના લીધે કોઈ ગંભીર રોગચાળો ફેલાય તે પહેલાં પાલિકા તથા આરોગ્ય ખાતું ગંભીરતા લઈ પોરાનાશક દવા છાંટી રોગચાળો પગપેસારો કરે તે પહેલાં ડીડીટીનો છંટકાવ કરવામાં આવે સામાકાંઠા અમુક વિસ્તારોમાં ગટરના પાણી તથા વરસાદી પાણીના લીધે દુર્ગંધ મારી રહ્યું છે. આ દુર્યધ મારતાં પાણીના લીધે મચ્છરો, માખીનો તથા જીવજતુંનો ઉપદ્રવ વધે તેવો ભય છે. અહીં રહેતા લોકો કે જયાં પાણી ભરાયેલા છે. તે સામાકાંઠાના વિસ્તાર લોકીવિરડા, તથા રામાપીરના મંદિર વિસ્તાર તલાવડી વિસ્તારોમાં લોકોમાં રોગચાળો ફેલાય તેવી દહેશત છે. આરોગ્ય વિભાગ તથા પાલિકા દ્વારા ડીડીટી પોરાનાશક દવા છાંટવામાં આવે કારણ કે અહીં વરસાદી પાણી સાથે દુર્ગંધ મારતા ગટરના પાણીનું તળાવ ભરેલા હોય અને કાદવકીચડનું સામ્રાજય ફેલાયેલું હોવાથી અને પાણી ભરાયેલા હોય જેથી ચિકનગુનિયા, ડેંગ્યું, મેલેરીયા, જેવી ગંભીર બીમારીને અટકાવવા માટે પાલિકા તથા આરોગ્ય ખાતુ ગંભીરતા લઈ તાત્કાલિક ધોરપે પોરાનાશક દવા છાંટવામાં આવે તેવી સામાકાંઠા વિસ્તારોના નાગરિકોમાંથી માંગ ઉઠી છે.

---

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ ડો. શક્તિસિંહ ગોહિલનું નિવેદન

## રાજયનાં ગરીબ અને મધ્યમવર્ગનાં તેજસ્વી વિદ્યાર્થીઓનાં ડોક્ટર બનવાનાં સ્વપ્નને સાકાર કરવા ફી વધારો પરત કરો

**મેડિકલની ફીમાં ૬૭થી ૮૮ ટકાનાં વધારાથી આર્થિક ચિંતા વધી**





અમદાવાદ, તા. ૧૧

ગુજરાતનાવાલીઓકેજેઓ પોતાના સંતાનોને મેડીકલમાં ગુજરાત ખાતે અભ્યાસ કરાવવા માંગે છે તે અંગે વાલીમંડળનાડો. કનુભાઈ પટેલ, દક્ષેશ પટેલ સહિત ૨૦ થી વધુ વાલીઓ અને NEET ના ઉંચા સ્કોર ધરાવતા વિદ્યાર્થીઓએઆજરોજ ગુજરાતપ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલને રૂબરૂ રાજીવ ગાંધીભવનખાતે મળીનGMERSનાતોતીંગફીવધારો ભાજપ સરકાર પરત ખેંચે તે માટે કોંગ્રેસ પક્ષ મજબુતાઈથી વાલીઓ-વિદ્યાર્થીઓને મદદ કરે તે અંગે રજુઆત કરી હતી. અગાઉ પણ વાલીઓ-વિદ્યાર્થીઓને ફી વધારામાં રાહત મળે તે માટે કોંગ્રેસ પક્ષે મદદ કરી હતી તે પણ વાત વાલીઓએ યાદ કરીને આભાર માન્યોહતો.

GMERS સોસાયટી તબીબી સ્નાતક અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૪-૨૫માં કરવામાં આવેલ તોતીંગ ફી વધારો પરત ખેંચવા બાબત રાજયના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને તા. ૪/૭/૨૦૨૪ પત્ર લખી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે માંગ કરી હતી. ગુજરાતના મેડીકલ અભ્યાસ કરીને ડોકટર બનવાનું સપનું જોતાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારી કોટામાં ૬૭% અને મેનેજમેન્ટ કોટામાં ૮૮% અને NRI કોટામાં ૩,૦૦૦ ડોલરના અસહ્ય ફી વધારાને કારણે ડોકટર બનવું મુશ્કેલ બનશે. એકસાથે મેડીકલની ફીમાં ૬૭ થી ૮૮% સુધીના વધારાને કારણે વાલી-વિદ્યાર્થીઓ મોટી આર્થિક ચિંતામાં મુકાઈ ગયા છે. સોસાયટીની કોલેજોમાં જે રીતે રાજય સરકારે ફીનો તોતીંગ વધારો કર્યો છે તેના લીધે નીટના ઉંચા સ્કોરના આધારે જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને GMERS ની કોલેજોમાં પ્રવેશની શકયતા હતી તે તમામ વિદ્યાર્થી-વાલીઓ માટે કેવી રીતે નાણાંકીય આયોજન કરવું તે ગંભીર પ્રશ્ન બની ગયો છે. કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી અને વિદ્યાર્થીઓએ વિસ્તૃત રીતે ઉંચા મેરીટ ધરાવતા વિદ્યાર્થીઓની -વાલીઓની મુશ્કેલી રજુ કરી હતી.

ગુજરાતના વિદ્યાર્થી-વાલીઓની વ્યાજબી માંગણી અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજયની ૧૩ GMERSની મેડીકલ કોલેજમાં કરવામાં આવેલો તોતીંગ ફી વધારો સત્વરે પાછો ખેંચવામાં આવે જેથી કરીને ગુજરાતના સામાન્ય-મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓનું ડોકટર બનવાનું સ્વપ્ન સાકાર થઈ શકે. કોંગ્રેસ પક્ષની વિદ્યાર્થી પાંખ એન.એન.એસ. યુ.આઈ. વિદ્યાર્થીઓના હિતમાં આંદોલન કરશે.

---

### બાબરા નજીક આવેલ

## કાળુભાર ડેમનાં કમાન્ડ એરિયામાં માઈક્રો ઈરીગેશન માટે પ્રોજેકટની મંજુરી આપો

**ધારાસભ્ય તળાવીયાની પાણી પુરવઠા મંત્રીને રજૂઆત**

બાબરા, તા.૧૧





લાઠી-બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા વિસ્તારના પ્રશ્ને લઈને હંમેશા લોકોની સેવામાં ખડે પગે જોવા મળતા હોય છે. ત્યારે બાબરા તાલુકાના કરિયાણા અને માધપુર ગામના કાળુભાર ડેમના કમાન્ડ એરિયામાં ૧૦૦ ટકા માઈક્રો એરીગેશન માટે પાયલોટ પ્રોજેકટને મંજુરી આપવા માટે પાણી પુરવઠા અને રાજય કક્ષાના જળ સંપતિ અને પાણી પુરવઠા મંત્રી મુકેશભાઈ પટેલને રજુઆત કરવામાં આવી હતી.

લાઠી-બાબરા વિસ્તારનાં ધારાસભ્યદ્વારા લખવામાંઆવેલ પત્રમાં જણાવવામાંઆવ્યુહતુકે, ઉપરોકતવિષય પરત્વે સવિનય જણાવવાનુ કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના કરીયાણા ગામે આવેલ કાળુભાર ડેમનાં કમાન્ડ એરિયામાંમાધુપુર ગામઆવેલછે કેજયાં માઈક્રોએરીગેશન પાઈલોટ પ્રોજેકટદ્વારા ૧૦૦ટકામાઈક્રોએરીગેશનથઈ શકેતેમ છે. ધી ગુજરાત રાજય ઉદવહન પિયત સહકારીસંઘલિ. ગાંધીનગરને ૧૦૦ટકા માઈક્રો એરીગેશનની કામગીરીનાં પાઈલોટ પ્રોજેકટની મંજુરી આપવાની વિચારણા થાય ત્યારે કાળુભાર ડેમના કમાન્ડ એરિયામાંઆવેલ માધુપુર ગામમાં પાયલોટ પ્રોજેકટની મંજુરી આપવા ધારાસભ્યદ્વારા રજુઆત કરવામાંઆવી છે. આ યોજના અમલમાં આવશે તો આજુબાજુના વિસ્તારના ખેડૂતોને ખૂબ મોટો સિંચાઈનો લાભ મળશે અને કાયમી ખેડૂતોના પ્રશ્નો હલ થશે તેવી વિસ્તારનાં ખેડૂતોદ્વારા લાગણી વ્યકત કરવામાંઆવી હતી.

---

### કુટુંબનાં વડીલનું અવસાન થયા બાદ

## સરભંડા ખાતે બાજરીયા પરિવાર દ્વારા પ્રેરણાદાયી કાર્ય

**આંબાની ૫૦૦ કલમનું થયું વિતરણ**

સરભંડા, તા. ૧૧

સરભંડા ગામે ભીમજીભાઈ ખીમાભાઈ બાજરીયાનું ૯૦ વર્ષની ઉંમરે અવસાન થતા તેમની ઉતરક્રિયા દખતે આવનાર મેમાનો તથા ગામ લોકોને વૃક્ષા રોપણના ભાગ રૂપે એક – એક કેસર આંબાની કલમ ૫૦૦ કલમ તથા સરભંડા ગોપાલ ગૌ-શાળામાં ૧ લાખ રૂપિયા ખસ ચારા માટે આપીને તેમના દિકરાઓ માવજીભાઈ ભીમજીભાઈ તથા ચંદુભાઈ ભીમજીભાઈએ લોકોને નવોરાહ બતાવેલ છે.

---

### પાલિકાનાં ચીફ ઓફિસરની યાદી બહાર પડી

## અમરેલીમાં ગટર અને સેપ્ટિક ટાંકીમાં સફાઈ માટે માણસોનો પ્રવેશ દુર કરાશે

**પ્રવેશ દુર કરવા હેલ્પલાઈન નંબર ૧૪૪૨૦ શરૂ**

અમરેલી, તા. ૧૧

અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસરની યાદીમાં જણાવ્યા મુજબ ભારત સરકારના આવાસ અને શહેરી વિભાગના પત્ર અનુસંધાને મેન્યુઅલ સ્કવેન્જીંગ એકટ હેઠળ તેમજ સફાઈ કર્મચારોઓનાં કલ્યાણ અને સુરક્ષા ભારત સરકાર માટે અગ્રતાનો વિષય હોય ગટર અને સેપ્ટિક ટાંકીમાં સફાઈ અને મેઈન્ટેનન્સ માટે માણસોનો પ્રવેશ દૂર કરવા ભારત સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર શરૂ કરવા જણાવેલ છે.

જે અન્વયે અમરેલી નગરપાલિકામાં મેન્યુઅલ સ્કવેન્જીંગ એકટ એઠળ તેમજ સફાઈ કર્મચારીઓનાં કલ્યાણ અને સુરક્ષા માટે ગટર અને સેપ્ટિક ટાંકીમાં સફાઈ અને મેઈન્ટેનન્સ માટે સેફટીના સાધનો વગર માણસોનો પ્રવેશ દૂર કરવા હેલ્પ લાઈન નંબર ''૧૪૪૨૦'' શરૂ કરેલ છે.

---

# અમરેલી જિલ્લાનાં બાળકોએ શુટિંગમાં રાજયકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો









શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં શુટીંગ રમતની રાજય કક્ષાની સ્પર્ધામાં (૧) લીંબડીયા કિર્તી – ગોલ્ડ મેડલ (૨) રાજપરા આકાશ – ગોલ્ડ મેડલ અને સિલ્વશ મેડલ(૩) ભડાણી યા મિલન – સિલ્વર મેડલ (૪) રાઠોડ અર્જુન – સિલ્વર મેડલ (૫) હિરપરા હસ્તી– બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જીલ્લા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતું. આ ખેલાડીઓની ડી.એલ.એસ. શુટીંગ કોચ પુલ્કીતા નિમ્બાવલ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ મંત્રી મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા અભિનંદન અને શુભેચ્છા પાઠવેલ હતી. અને આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં દેશનું પ્રતિનિધિત્વ કરે તે કમાટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું. નોંધનીય છે કે સંસ્થામાં જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત હજારો વિદ્યાર્થીઓને સ્પોર્ટસમાં આગળ વધવાની સુનેહરી તક મળે છે જેથી વાલીઓએ પણ સંસ્થાના પ્રમુખ, વસંતભાઈ ગજેરા અને મેનેજમેન્ટનો આભાર વ્યકત કર્યો હતો.

## પાલિકા પ્રમુખ સહિતનાં નગરસેવકોની ઉપસ્થિતિમાં કંઈક રંધાયુ

# લ્યો બોલો : બગસરામાં વેરા વધારવાની બંધ બારણે બેઠક યોજાઈ

**લોકશાહી શાસન વ્યવસ્થામાં છેવાડાનાં માનવીનો અભિપ્રાય પણ લેવો જરૂરી હોય છે**

**ગણ્યા ગાંઠયા નાગરિકોને બોલાવીને તેની સાથે ચર્ચા કરવામાં આવી**

**શહેરની અનેક સંસ્થાઓ અને મીડિયાનાં પ્રતિનિધિઓને બાકાત રખાયા**

**કાળઝાળ મોંઘવારીનાં માહોલમાં પાલિકા વેરા વધારશે તો શહેરીજનો મુશ્કેલીમાં મુકાશે**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૧

બગસરામાં નગરપાલિકા દ્વારાછેલ્લાઘણાદિવસથયાવેરાવધારવા મુદ્દે કંઈકરંધાઈ રહ્યું છે. ત્યારે ગઈકાલે નગરપાલિકામાંનગરપાલિકાનાપ્રમુખ પતિ તથા ધારાસભ્ય તથા તેને અનુકૂળ આવેતેવાવેપારીઓનેબોલાવીઅનેવેરો વધારવા માટે બંધ બારણે મીટીંગ કરી બગસરાનીસંસ્થાઓ નેદૂર રાખી તેમજ પ્રેસ મીડિયાને દૂર રખાયા હતા અને નગરપાલિકામાંપોતાનીમનમાનીકરીને મન ફાવે તેમ વેરો વધારી બગસરાના વેપારીઓનીકમરતોડીનાખવામાટેઆ મીટીંગનુંઆયોજનકરવામાંઆવ્યુંહોય તેમલાગીરહ્યુંહતું. કારણકેઘણાસમય પહેલાજબગસરામાંવેરોવધારવામુદ્દે સથવારા સમાજની વાડીમાં ધારાસભ્ય જે.વી. કાકડિયાની હાજરીમાં વેરો હવે નહીં વધારવા માટેની વિશાળ સંખ્યામાં બધા વેપારીઓ વચ્ચે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ધારાસભ્યજે.વી. કાકડિયાદ્વારાતેમનો ખુલ્લોવિરોધકરીઅનેકહેવામાંઆવ્યુંહતું કેબગસરાએમનેજીતાડયોછેઅનેભવ્ય લીડ આપી છે ત્યારે બગસરાના વેપારીઓને હું હેરાન થવા નહીં દઉં. કોઈપણસંજોગોમાંએકરૂપિયોપણવેરો વધશેનહીંતેવીવેપારીઓનેખાત્રીઆપી હતી. ત્યારે ગઈકાલે ધારાસભ્ય દ્વારા નગરપાલિકાનાપ્રમુખેમીટીંગબોલાવી હતી ત્યારે ધારાસભ્ય હાજર રહ્યા હતા અને કોઈ પણ જાતનો વિરોધ કર્યા વગર બગસરાના વેપારીઓ પર આ નગરપાલિકાએવેરોવધારવાકમરકસી છે. ત્યારે આ બાબતે ધારાસભ્ય પણ મગનુંનામમરીનાપાડીઅનેતેનીસાથે હા માં હા મિલાવી અને વેરો વધારવા મક્કમ હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે બગસરાની વિવિધ સંસ્થાઓને જે બગસરાના હિતેચ્છું હોવાથી તેને આ મિટિંગમાંબોલવામાંઆવેલનહતાઅને પોતાના લાગતા વળગતા લોકોને બોલાવીનેઆમીટીંગપૂર્ણકરવામાંઆવી હતી અને આ મિટિંગમાં પ્રેસ મીડિયાને જાણ કરવામાં ન આવી હતી. જેથી પોતે પોતાની મનમાની કરી શકે તેમ વેપારીઓમાં ગણગણાટ જોવા મળ્યો હતો. વેરો ન વધારવા માટે ગઈકાલે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સથવારા સમાજની વાડીમાં બગસરાના વેપારીઓને તથા ધારાસભ્ય તથા પત્રકારોને આમંત્રિત કરી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્યજે.વી. કાકડિયા આ મિટિંગમાં આવ્યા ન હતા ત્યારે વેપારીઓમાં પણ ધારાસભ્ય ઘણા સમય પહેલા મિટિંગમાં બોલ્યા હતા કે હું એક રૂપિયો પણ વેરો વધારવા નહીં દઉં તેનું શું કર્યુ તેઓ પ્રશ્ન બગસરાનાવેપારીઓધારાસભ્યનેકરવા માંગેછે. ત્યારે આ મિટિંગમાં ધારાસભ્ય આવ્યા ન હતા અને વેપારીઓ દ્વારા નગરપાલિકાના વેરા વધારવા મુદ્દે ખુલ્લો વિરોધ કર્યો હતો અને વેપારીઓએ કહ્યું હતુંકેઅમો કિરાણા એસોસિએશન તથા અન્ય વેપારીઓએ કહ્યું હતું કે બગસરા બંધનુંએલાનઆપવુંપડેતોપણઅમોઆ બાબતે તૈયાર છીએ. જોવેરો વધારવામાં આવશે તો પણ અમારી તૈયારી છે તેમ સંસ્થાનાઆગેવાનોતથાવેપારીઓદ્વારા સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોકે આબાબતેથોડાકસમયપહેલાજવિચારી ધારા ધોરણ મુજબ ૧૦% વેરો વધારી દેવામાં આવેલ છે છતાં હજુ નગરપાલિકાનાપેટમાંપાણીહલતુંનહોય કેફરી માથું ઉચકી અને આ વેરો વધારવા માટે આમતેમ ફાફા મારી રહ્યા છે.

## આચાર્ય ડો. મેહુલ પંડયાનાં માર્ગદર્શનતળે

# બાબરાની સરકારી કોલેજ ખાતે ''વિશ્વ વસ્તી દિવસ''ની ઉજવણી કરવામાં આવી

**ભારતનાં વસ્તી વધારાને મોટી સમસ્યા માનવામાં આવી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

સરકારી વિનયન અને વાણિજય કોલેજ બાબરા ખાતે કોલેજનાં આચાર્ય ડા. મેહુલ પંડયાના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અને NSSનાંસંયુક્તઉપક્રમે ''વિશ્વવસ્તી દિવસ''નીઉજવણીકરવામાંઆવીહતી. જેમાં કોલેજનાં NSS વિભાગનાં કો–ઓર્ડિનેટર ડો.હિંમત મકવાણાદ્વારા વસ્તી વધારાને ભારતની સૌથી મોટી સમસ્યાગણાવીહતી. આતબક્કેતેઓએ વિશ્વનાંઅલગઅલગદેશોનીવસ્તીઅને ભારતની ખૂબ જ વધી ગયેલી વસ્તી વચ્ચેનો જમીન આસમાનનો ફરક ઉજાગર કર્યો હતો અને ભારતનાં વસ્તી વધારાનાદરનેઘટાડવામાટેસામાજિક કુરિવાજોને દૂર કરી જાતીય શિક્ષણ થકી લોક જાગૃતિની હિમાયત કરી હતી. ત્યારબાદ સમાજશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપિકા ડો.રાધિકા વ્યાસ દ્વારા આધુનિક સમયમાં નવયુવાનોને આધુનિકઆરોગ્યલક્ષીજાતીયશિક્ષણ આપી યુવા જાગૃતિ લાવવાની હિમાયત કરીહતી. કાર્યક્રમનાંઅધ્યક્ષ ડો. કૌશિક પંડયાદ્વારાભારતઅનેવિશ્વનીવસ્તીનો ચિતાર રજૂ કરીનેલોકજાગૃતિઅંગેભાર મૂકયો હતો. અંતમાં કોલેજનાં આચાર્ય દ્વારાવિદ્યાર્થીઓનેભારતનીયુવાશકિને કાર્યકુશળબનાવવાઅનેનાનાકુટુંબની ભાવનાને સાકાર કરવા અનુરોધ કર્યો હતો. અંતેઆકાર્યક્રમઆયોજિતકરવા બદલ સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ ડો. હાર્દિક જોશી દ્વારા સેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સંપૂર્ણ કાર્યક્રમનુ સંચાલન અંગ્રેજી વિભાગનાં અધ્યક્ષ ડો. પાર્થ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહીને આ કાર્યક્રમને સફળબનાવ્યોહતો.

# લીલીયામોટા ખાતે નવનિયુક્ત નાયબ મામલતદારનું સન્માન



લીલીયા મોટા, તા. ૧૧

લીલીયા મોટા ખાતે નાયબ મામલતદાર તરીકે આજરોજ તા. ૧૧/૦૭/૨૦૨૪નેગુરૂવારનાંરોજચાર્જ સંભાળતા નાયબ મામલતદાર સોરભભાઈ મકવાણા જેવો અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંકમાં S.R.O તરીકે ફરજ બજાવતા હતા. જેમની બદલી લીલીયા થતા જયાં સર્કલ ઓફિસર તરીકે ચાર્જ આજ રોજ સંભાળેલ તથા નાયબ મામલતદાર ભાવિનભાઈ માઢ અમરેલી નાયબ મામલતદાર પુરવઠામાંફરજબજાવતા હોયજેવોનીબદલીલીલીયાખાતેનાયબ મામલતદાર ઈધરામાં થતા આજરોજ આ બન્ને અધિકારીઓ એ ચાર્જ સંભાળતા આ બન્ને અધિકારી ઓ નું સ્વાગત સન્માન કરવામાં આવેલ. બંને નાયબ મામલતદારની પોસ્ટમાં આજ રોજ લીલીયા મામલતદાર કચેરી ખાતે હાજર થઈને ચાર્જ સંભાળતા નાયબ મામલતદાર મકવાણા અને નાયબ મામલતદાર માઢને મિત્ર અને ગ્રામજનો દ્વારા સાલ ઓઢાડી, મો મીઠા કરાવી શુભ કામનાઓ પાઠવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે

## તટસ્થ અને ઝડપી ન્યાય આપવામાં સરકાર નિષ્ફળ

# ઉના કાંડનાં દલિતો ૮ વર્ષથી ન્યાય માટે વલખા મારી રહ્યાં છે

**પીડિતોનો સવાલ ''અમો આ દેશનાં નાગરિકો ખરા કે નહિ ?''**

અમરેલી, તા. ૧૧

દેશ અને દુનીયામાં હાહાકાર મચાવનાર અને દલિતોનાં માનવ અધિકારોનુ ખુલ્લેઆમ હનન કરી માનવતાનાં ધજજીયા ઉડાવનાર ૧૧ જૂલાઈ ૨૦૧૬ ના રોજ બનેલ સમઢીયાળા–ઉના કાંડને આઠ વરસ પૂરાં થયા. આ હ્રદયનાં તારને ઝંજોડતો અને માનવતાને શર્મશાર કરતો દેશ માટે શર્મનાક બનાવ બાદ ગુજરાત અને દેશનાં લોકો વિરોધ કરવા રસ્તા પર ઉતર્યા, ૩૨ લોકોએ ઝેર પીધું જેમાં એક યુવાનનું મરણ થયું. પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયા દુનિયામાં આ કિસ્સાની નોંધ લઈ જાતિવાદની નિંદા થઈ. રાજય સભામાં માનનીય બહેન માયાવતી દ્વારા અત્યાચારનો મામલો ઉઠાવવામાં આવતા જ તાબડતોબ અનેક પાર્ટીનાં ઉચ્ચ નેતાઓ સહીત રાજયના તે વખતનાં મુખ્ય મંત્રી આનંદીબેન પટેલે પીડીત પરિવારની મૂલાકાત લીધી અને અનેક વાયદાઓ કરી પરીવારને વચન આપેલ હતું કે, આ કેસને ડે–ટુ–ડે ખાસ કોર્ટમાં ઝડપી ચલાવી ૬ માસમાં જ ચૂકાદો લાવી આરોપીઓને સજા સરકાર અપાવશે. ખેર ૬ મહીનાને બદલે ૮ વર્ષથયાં કેસ ચાલવા પર માંડ આવ્યો છે. ત્યાં જ ખાસ સરકારી વકિલ કેસમાં કામ ન કરી શકે તે માટેનાં પ્રયત્નો કરતા લોકો સફળ થતાં જોવા મળે છે કારણ કે ખાસ સરકારી વકીલે કેસમાંથી છુટા થવાની કોર્ટમાં અરજી મૂકી છે. સરકાર ખાસ સરકારી વકીલને જે જે સવલતો પૂરી પાડવાની હોય તે આપવામાં ઠાગાઠૈયા કરે છે. જેથી સરકારી વકીલ કંટાળી ભાગી જાય અને કેસમાંથી જ નીકળી જાય. પીડીત પરીવાર ન્યાયની ઝંખના કરે છે એટલો જ ન્યાય પહોંચથી દૂર થતો જાય છે. વાયદાઓનો વરસાદ વરસાવતી આ સરકાર દલિતોને ન્યાય અપાવવા નક્કર કાર્યવાહી કરે અને આરોપીઓને દાખલારૂપ સજા કરાવી સમાજમાં કાયદાનાં શાસનનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે.

























### વીજળીએ લીધો ખુલ્લામાં કામ કરતા લોકોનો જીવ

# યુપીમાં ભારે વરસાદના પગલે મોતનું તાંડવ : ૩૮ના મોત

## પૂરના કારણે ઘણા શહેરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે : વીજળી પડવાને કારણે ૧૧ના મોત

દેહરાદુન, તા.૧૧

સમગ્ર ઉત્તરપ્રદેશમાં વીજળી પડવાને કારણે અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા ૩૮ લોકોના મોત થયા હતા. રાજ્યમાં હાલ પૂરે વિવિધ શહેરોને અસર કરી છે. પૂરના કારણે ઘણા શહેરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોને હાલ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેના પગલે હાલ સામાન્ય જીવન પણ સ્થગિત થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ, પ્રતાપગઢમાં વીજળી પડવાને કારણે ૧૧ લોકોના મોત થયા છે. સુલતાનપુરમાં સાત, ચંદૌલીમાં છ, મૈનપુરીમાં પાંચ, પ્રયાગરાજમાં ચાર, ઔરૈયા, દેવરિયા, હાથરસ, વારાણસી અને સિદ્ધાર્થનગરમાં એક-એક વ્યક્તિઓના મોત થયા હતા. આ જિલ્લાઓમાં ૧૨થી વધુ લોકોના દાઝી જવાથી મોત થયા હતા. પ્રતાપગઢમાં વિવિધ જગ્યાએ પાંચ અલગ-અલગ વ્યક્તિઓના મોત થયા હતા. આ મૃતદેહને હાલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. પૂર્વી ઉત્તરપ્રદેશના ચંદૌલીમાં વીજળી પડવાની ઘટનાના પગલે ઘણા લોકો ઘાયલ થયા હતા. આ તમામની હાલ જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં બુધવારે સાંજે ૪ થી૬ વાગ્યા દરમિયાન વીજળીના કડાકા સાથે ભારે વરસાદ થયો હતો. મૃત્યુ પામેલા લોકો ભારે વરસાદ થયો ત્યારે ખેતરમાં વાવણીનું કે બહાર માછલી પકડવાનું કામ કરી રહ્યાં હતા. વીજળી પડવાથી ૧૩ અને ૧૫ વર્ષના બે પિતરાઈ ભાઈઓના પણ મોત થયા હતા. સુલ્તાનપુરમાં સાત મૃતકો પૈકી ત્રણ બાળકો હતા. આ ઘટના બની ત્યારે પીડિતો ડાંગર રોપવા, કેરીઓ તોડવા અને પાણી ખેંચવા સહિતના કામ કરી રહ્યાં હતા. આ સમયે એક મહિલા ઝાડ નીચે ઉભી હતી, તેનું પણ વીજળી પડવાથી મોત થયું હતું. ઔરૈયામાં ૧૪ વર્ષનો એક છોકરો ભારે વરસાદના પગલે ઝાડ નીચે ઉભો હતો. તેનું પણ વીજળી પડવાથી મોત થયું હતું. જ્યારે દેવરિયામાં ખેતરમાં ચાલતી જઈ રહી રહેલી એક ૫ વર્ષની બાળકીનું મોત થયું હતું. તેનો પરિવાર પણ તે સમયે ખેતરમાં જ કામ કરી રહ્યો હતો. બીજી તરફ વારાણસીમાં વીજળી પડવાના પગલે બે ભાઈઓ દાઝી ગયા હતા. દાઝવાના પગલે એકનું મોત થયું હતું, જ્યારે અન્ય એક ભાઈ હાલ સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે ભારતીય હવામાન વિભાગે ઉત્તરપ્રદેશ અને તેની આસપાસના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે.

### અમદાવાદમાં પથ્થરમારાનો કેસ

# કોર્ટે કોંગ્રેસના પાંચ કાર્યકરોની જામીન અરજી ફગાવી દીધી

## સુનાવણી વખતે કોર્ટે કહ્યું જાહેરમાં પથ્થરમારો કરવો એ અપરાધ છે : જાહેરમાં કાયદો હાથમાં લેવો યોગ્ય નથી

અમદાવાદ, તા.૧૧

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં હિન્દુઓ અંગે આપેલા નિવેદન બાદ અમદાવાદમાં કોંગ્રેસના કાર્યાલય પર પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં ભાજપ, કોંગ્રેસ અને બજરંગદળના કાર્યકરોએ સામ સામે પથ્થરમારો કર્યો હતો. આ ઘટના બાદ ભાજપ અને કોંગ્રેસે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કોંગ્રેસના પાંચ કાર્યકરોની ધરપકડ કરી હતી. આ પાંચેય કાર્યકરોએ સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં કોર્ટે પાંચેય આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે.

જામીન અરજીની સુનાવણી વખતે કોર્ટે કહ્યું હતું કે, જાહેરમાં પથ્થરમારો કરવો એ અપરાધ છે. જાહેરમાં કાયદો હાથમાં લેવો યોગ્ય નથી. આમ પાંચેય આરોપીઓ એવા સંજય બ્રહ્મભટ્ટ, મનીષ ઠાકોર, મુકેશ દંતાણી અને વિમલ કંસારાની પણ ધરપકડ કરવામાં આવી છે હવે તેમણે જેલમાં રહેવું પડશે.૧ જુલાઈની મોડી રાતના ચાર વાગ્યે કોંગ્રેસ કાર્યાલય પર મોટી સંખ્યામાં બજરંગદળ અને ફઊઁના કાર્યકરો પહોંચ્યા હતા. કાર્યકરોએ કોંગ્રેસ ઓફિસ ખાતે રાહુલ ગાંધીનાં પોસ્ટર ફાડી દીધાં હતાં. કેટલાંક પોસ્ટર પર કાળો સ્પ્રે માર્યો હતો. કોંગ્રેસના કાર્યાલયની દીવાલ કૂદીને અંદર ઘૂસ્યા હતા. આ અંગેના ફોટો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. ભાજપના કાર્યકરો પાલડી ચાર રસ્તા ઓળંગી કોંગ્રેસ કાર્યાલયે તરફ આવી રહ્યા હતા, ત્યારે કોંગ્રેસના કાર્યકરો ઉશ્કેરાઈને સૂત્રોચ્ચાર સાથે પથ્થરમારો અને હાથમાં રહેલી લાકડીઓ ભાજપના કાર્યકરો પર છૂટી ફેંકી હતી, જેથી ભાજપના કાર્યકરો પણ નીચે પડેલા પથ્થર છૂટા ફેંકવા લાગ્યા હતા. આ દરમિયાન વચ્ચે ઊભેલા પોલીસ પર પણ પથ્થર પાડવા લાગ્યા હતા. કેટલાક પોલીસકર્મીઓ બચવા ગાડીની આસપાસ છુપાઈ ગયા હતા, તો કેટલાક બંને પક્ષે લોકોને રોકી રહ્યા હતા. આ દરમિયાન એક કોન્સ્ટેબલને માથામાં પથ્થર વાગતા ઢળી પડ્યો હતો.

જેથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે થયેલા પથ્થરમારામાં એસીપી,કોન્સ્ટેબલ અને હોમગાર્ડ સહિત ૭ લોકોને ઈજા પહોંચી હતી, જેમાંથી માથે પથ્થર વાગતાં પાલડી પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કર્મરાજસિંહ બેભાન થયા હતા. આ અંગે કર્મરાજસિંહે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં છસ્ઝ્રમાં કોંગ્રેસના વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણ, પ્રગતિ આહીર, હેતા પારેખ અને કોંગ્રેસના ૨૦૦થી ૨૫૦ જેટલા અને ભાજપના ૧૫૦-૨૦૦ કાર્યકરો સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

### આંતરરાષ્ટ્રીય ગઠબંધનનો ફાયદો

# મોદી સરકારની આંધ્રપ્રદેશ માટે ૬૦ હજાર કરોડની યોજનાને લીલીઝંડી

## ૨૩મી જુલાઈએ રજુ થનારા બેજેટમાં રિફાઈનરી અંગે સત્તાવાર જાહેરાત થઈ શકે છે : સ્થાનોનું મૂલ્યાંકન કરાશે

નવી દિલ્હી, તા.૧૧

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ તાજેત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બેઠકને માત્ર ૫ દિવસ જ થયા છે, કેન્દ્ર સરકારે આંધ્ર પ્રદેશમાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ઓઈલ રિફાઈનરી અને પેટ્રોકેમિકલ હબ સ્થાપવાની મુખ્ય માગણી સ્વીકારી છે. ચંદ્રબાબુ નાયડુ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)ના ટોચના અધિકારીઓને પણ મળ્યા હતા અને રાજ્યમાં રિફાઈનરી સ્થાપવાની શક્યતા અંગે ચર્ચા કરી હતી. હવે લોકોની નજર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર છે. કારણ કે કેન્દ્ર સરકારમાં TDPની સાથે JDUની પણ મહત્ત્વની ભૂમિકા છે.

અહેવાલો અનુસાર, ઓઈલ રિફાઈનરી લઈને ત્રણ સ્થળો અંગે ચર્ચા થઈ છે. શ્રીકાકુલમ, માછલીપટ્ટનમ અને રામાયપટ્ટનમનો સમાવેશ થાય છે. ૨૩મી જુલાઈએ રજુ થનારા બેજેટમાં રિફાઈનરી અંગે સત્તાવાર જાહેરાત થઈ શકે છે. સૂત્રોના જાણાવ્યાનુસાર, સ્થાનોનું મૂલ્યાંકન કરવામાં આવશે અને પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ પ્રક્રિયામાં ઓછામાં ઓછા બે મહિનાનો સમય લાગશે.

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ માટે આ એક મોટી જીત છે. કારણ કે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી સાથેની બેઠક દરમિયાન રિફાઈનરી શરૂ કરવા પર આગ્રહ કર્યો હતો. તેમના ૧૬ સાંસદો ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકારને સમર્થન આપે છે. જો કે, નાયડુ સ્પષ્ટપણે સતત કહી રહ્યા છે કે તેઓ તેમના રાજ્યના હિતોને ધ્યાનમાં રાખે છે અને કોઈપણ માંગ સાથે સરકારને તોડી પાડશે નહીં. બીપીસીએલ અને પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા આ સત્તાવાર જાહેરાત કરી છે. મુખ્યમં ચંદ્રબાબુ નાયડુએ 'X' પર લખ્યું, 'દેશના પૂર્વ કિનારે વ્યૂહાત્મક રીતે સ્થિત અમારું રાજ્ય નોંધપાત્ર પેટ્રોકેમિકલ ક્ષમતા ધરાવે છે.

આજે હું ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કૃષ્ણ કુમારના નેતૃત્વમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના પ્રતિનિધિઓને મળ્યો. અમે ૬૦થી ૭૦ હજાર કરોડ રૂપિયાના રોકારણ સાથે આંધ્ર પ્રદેશમાં ઓઈલ રિફાઈનરી અને પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સની સ્થાપનાની સંભાવના છે. મેં આ પ્રોજેક્ટ માટે વિગતવાર યોજના સાથેનો અહેવાલ માંગ્યો છે, જેને કોઈપણ સમસ્યા વિના પૂર્ણ કરવા માટે ૫૦૦૦ એકર જમીનની જરૂર પડશે.'

### કુલપતિની નિમણૂક ન થવા પાછળનું કારણ છે રાજકારણ

# કાયમી કુલપતિની નિમણૂક કરવા વિદ્યાર્થી સંગઠનની માંગ

## ભાવનગર યુનિ.માં અઢી વર્ષથી કૂલપતિની નિમણૂક અટકી

ભાવનગર , તા.૧૧

ભાવનગર યુનિવર્સિટીમાં છેલ્લા અઢી વર્ષથી કૂલપતિની નિમણૂક અટકેલી છે, લાંબા સમયથી આંતરિક રાજકારણને કારણે અહીં કોઈ કાયમી કૂલપતિ નથી. છેલ્લા ઘણા સમયથી ઈન્ચાર્જ કૂલપતિના સહારે યુનિવર્સિટીનું ગાડુ ગબડી રહ્યુ છે. જેના કારણે વહીવટી કામગીરી અધ્ધરતાલ લટકેલી છે. ભાવનગરની યુનિવર્સિટીની સાથે ભાવનગરના પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ગોહિલનું નામ જોડાયું છે. જે એક ગૌરવવંતો ઈતિહાસ ધરાવે છે,પરંતુ હાલ આ યુનિવર્સિટીમાં છેલ્લા અઢી વર્ષથી કાયમી કુલપતિની નિમણૂક નથી થઈ. કુલપતિની નિમણૂક ન થવા પાછળનું કારણ અહીંનું રાજકારણ છે. કાયમી કુલપતિના અભાવે મહારાજ કૃષ્ણકુમારસિંહ યુનિવર્સિટી જાણે રાજકીય અખાડો બની ગઈ છે. કાયમી કુલપતિના અભાવે વહીવટી કામગીરી અટકે છે. યુનિવર્સિટીનો વિકાસ અટકે છે અને સરવાળે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડે છે.હાલ ઈન્ચાર્જ કુલપતિના સહારે ગાડુ ગબડી રહ્યું છે. જેની સીધી અસર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ૩૦ હજાર વિદ્યાર્થીઓ પર થાય છે. કાયમી કુલપતિ ન હોવાથી યુનિવર્સિટીમાં નીતિ વિષયક નિર્ણયો લઈ શકાતા નથી. વિદ્યાર્થી સંગઠનો પણ માગણી કરી રહ્યા છે કે જલદીથી કાયમી કુલપતિની નિમણૂક કરવામાં આવે.લોકસભાની ચૂંટણી પહેલા કાયમી કુલપતિની નિમણૂક પણ થઈ હતી. પરંતુ જેના પર કુલપતિના પદનો કળશ ઢોળાયો હતો તેમણે પદ સંભાળવાની ના કહેતા. નિમણૂક ખોરંબે ચડી ગઈ. હાલ યુનિવર્સિટીએ સર્ચ કમિટીની રચના કરી છે. જે આગામી સમયમાં નિમણૂક અંગે પ્રક્રિયા હાથ ધરશે.

### મહિલા IAS પૂજા ખેડકરે મુદ્દે ઘટસ્ફોટ

# માતા-પિતા પાસે ૪૦ કરોડની સંપત્તિ, પોતે નોન ક્રીમિલેયર ઉમેદવાર

## પૂજા ખેડકરે UPSCની પરીક્ષામાં ૮૪૧મો રેન્ક મેળવ્યો હતો : માતા અહમદનગર જિલ્લાના ભાલગાંવના સરપંચ

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્રની ચર્ચિત IAS અધિકારી પૂજા ખેડકરે સિવિલ સેવા પરીક્ષા પાસ કરવા માટે પોતાને નોન ક્રીમિલેયર ઓબીસી ઉમેદવાર ગણાવી હતી. જોકે તેના પિતાએ પોતાના ચૂંટણી સોગંદનામામાં ૪૦ કરોડ રૂપિયાની સંપત્તિ જણાવી હતી. દરમિયાન IAS પૂજાના ઓબીસી નોન ક્રીમિલેયર ઉમેદવાર હોવા પર સવાલ ઉઠી રહ્યાં છે કે જો કોઈ ઉમેદવારના પિતાની સંપત્તિ ૪૦ કરોડ રૂપિયા હોય તો તેમની સંતાનને ઓબીસી નોન ક્રીમિલેયર કેવી રીતે માની શકાય છે.

ચૂંટણી સોગંદનામા અનુસાર પૂજા ખેડકરના પેરેન્ટ્સ પાસે ૧૧૦ એકર કૃષિ જમીન છે, જે કૃષિ જમીન ટોચમર્યાદા કાયદાનું ઉલ્લંઘન કરે છે. આ સિવાય ૬ દુકાનો, સાત ફ્લેટ (એક હીરાનંદાનીમાં), ૯૦૦ ગ્રામ સોનું, હીરા, ૧૭ લાખની સોનાની ઘડિયાળ, ચાર કાર છે. આ સાથે જ બે પ્રાઈવેટ કંપનીઓ અને એક ઓટોમોબાઈલ ફર્મમાં ભાગીદારી છે. એટલું જ નહીં પોતે IAS પૂજા ખેડકરની પાસે ૧૭ કરોડ રૂપિયાની સંપત્તિ છે.

એટલું જ નહીં એ પણ સામે આવ્યું છે કે પૂજા ખેડકરે યુપીએસસીને સોંપેલા સોગંદનામામાં પોતે દ્રષ્ટિ ક્ષતિગ્રસ્ત અને માનસિક રીતે બિમાર હોવાનો દાવો કર્યો હતો. ખેડકરે આ દિવ્યાંગતા સર્ટિફિકેટનો ઉપયોગ UPSCમાં સિલેક્શન માટે વિશેષ છૂટછાટો પ્રાપ્ત કરવા માટે કર્યો હતો. સિવિલ સેવા પરીક્ષામાં ઓછા માર્ક્સ પ્રાપ્ત કર્યા બાદ પણ છુટછાટોના કારણે પૂજા ખેડકરે પરીક્ષા પાસ કરી લીધી. પૂજા ખેડકરે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની પરીક્ષામાં ૮૪૧મો રેન્ક મેળવ્યો હતો. પૂજાની માતા અહમદનગર જિલ્લાના ભાલગાંવના સરપંચ છે. પૂજાના પરિવારમાં તેમના પિતા અને દાદા બંને વહીવટી સેવાઓમાં રહ્યાં છે. તેમના પિતાએ તો પૂણેમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે પણ કામ કર્યું.

IAS પૂજા ખેડકરની પૂણેથી વાશિમ જિલ્લામાં ટ્રાન્સફર કરી દેવાઈ છે. મહારાષ્ટ્ર સરકારે સત્તાના દુરુપયોગની ફરિયાદોના કારણે ખેડકરની ટ્રાન્સફર કરી છે. પૂણે કલેક્ટર ડો. સુહાસ દિવાસેએ મુખ્ય સચિવને પત્ર લખીને પૂજા ખેડકરની ફરિયાદ કરી હતી. હવે તેમને વાશિમ જિલ્લાના એડિશનલ આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂક મળી છે.

### ઓમર અબ્દુલ્લાએ પણ પાકિસ્તાનને સંભળાવ્યું

# ભારત-પાક. વચ્ચે સારા સંબંધો જાળવવાની જવાબદારી ફક્ત આપણા દેશની જ નથી

## પાકિસ્તાન પહેલેથી જ બરબાદ થઈ ગયું છે : ફારૂક

જમ્મુ, તા.૧૧

ફારુક અબ્દુલ્લા બાદ હવે તેમના પુત્ર અને જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ પાકિસ્તાનને ચોખ્ખે ચોખ્ખુ સંભળાવ્યું છે. બંને દેશો વચ્ચે સારા સંબંધોને લઈને પાકિસ્તાનને સલાહ આપતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, ભારત અને પાકિસ્તાન બંને દેશો વચ્ચે સારા સંબંધો જાળવવાની જવાબદારી ફક્ત આપણા દેશની જ નથી, વધુ સારા અને સુમેળભર્યા સંબંધો જાળવી રાખવાની જવાબદારી પાકિસ્તાનની પણ છે. શાંતિ સ્થાપવા માટે પાકિસ્તાને હવે પોતાની ભૂમિકા ભજવવી પડશે.

જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ, પાકિસ્તાનને તેની જવાબદારીથી વાકેફ કરતા કહ્યું, ‘‘મેં હંમેશા કહ્યું છે કે આ બંને દેશો વચ્ચે સારા સંબંધો જાળવવાની જવાબદારી માત્ર આપણા દેશની જ નથી પાકિસ્તાનની પણ છે. જો સારા સંબંધો બનાવવા હોય તો આ અભિયાનમાં પાકિસ્તાનને પણ તેની ભૂમિકા અદા કરવાની જવાબદારી છે.

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા આતંકવાદી હુમલાઓ અંગે ઓમરે કહ્યું કે, ‘‘આવા હુમલાઓ થવા જોઈએ નહીં. અત્યારે જે પ્રકારનું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે તે ના થવું જોઈએ, પાકિસ્તાને પણ આ મામલે પોતાની ભૂમિકા ભજવવી પડશે જેથી બંને દેશો વચ્ચેના સંબંધો સુધરે.

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન ન જવા પર પૂર્વ મુખ્યમંત્રી ઓમરે કહ્યું, ‘‘આ નવી વાત શું છે? છેલ્લા ઘણા સમયથી બંને દેશો વચ્ચે કોઈ દ્વિપક્ષીય શ્રેણી રમાઈ નથી. ટીમ ઈન્ડિયાનો ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાન ના જવાનો નિર્ણય મ્ઝ્રઝ્રૈંનો પોતાનો નિર્ણય છે. આવતા વર્ષે પાકિસ્તાનમાં ચેમ્પિયન્સ ટ્રોફી યોજાવાની છે. જોકે, ટીમ ઈન્ડિયા ચેમ્પિયનશિપ માટે પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે.

બે દિવસ પૂર્વે ઓમર અબ્દુલ્લાના પિતા અને પૂર્વ મુખ્યમંત્રી ડો. ફારૂક અબ્દુલ્લાએ પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, આતંકવાદ કોઈને મદદ કરતું નથી. પાકિસ્તાન દ્વારા ભારતમાં મોકલવામાં આવેલા આતંકવાદીઓનું માનવું છે કે જો તેઓ આતંકવાદી ઘટનાઓ દ્વારા કાશ્મીરમાં પરિવર્તન લાવવામાં સક્ષમ છે તો આવું ક્યારેય નહીં બને. તેઓ સદાય નિષ્ફળ જશે.

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુકે પાકિસ્તાન પર ગુસ્સે થઈને કહ્યું કે પાકિસ્તાન પહેલાથી જ બરબાદ થઈ ગયું છે, તેથી પાકિસ્તાને આ વિશે વિચારવું જોઈએ. યુદ્ધ માત્ર બંને દેશોમાં વિનાશનું કારણ બનશે, તેનાથી વધુ કંઈ નહીં. પાકિસ્તાને અહીં આતંકવાદી ગતિવિધિઓ બંધ કરવી જોઈએ. પાકિસ્તાન જે કરી રહ્યુ છે તે સંપૂર્ણપણે ખોટું છે.

### કેન્દ્ર સરકારે એલર્ટ જારી કર્યું

# હવે iphone યૂઝર્સ પણ બની રહ્યા છે ફ્રોડનો શિકાર

## ભારત સહિત ૯૧ દેશોમાં સ્પાયવેર એટેકનો ખતરો

નવી દિલ્હી, તા.૧૧

ડિજિટલ યુગમાં સ્કેમર્સ રોજ નવી રીતથી લોકોની સાથે ફ્રોડ કરી રહ્યા છે. સાયબર ફ્રોડથી અત્યારસુધી સુરક્ષિત માનતાં આઈફોન યુઝર્સ પણ હવે ફ્રોડનો શિકાર બની રહ્યા છે. જેના માટે કેન્દ્ર સરકારને એલર્ટ જારી કરવુ પડ્યું છે. સાયબર ફ્રોડ કરનારાઓ આઈફોન યુઝર્સને નકલી ઈન્ડિયા પોસ્ટ ડિલિવરી મેસેજ મોકલી સ્કેમ કરી રહ્યા છે. મળેલી માહિતી અનુસાર, ભારતમાં આઈફોન યુજર્સને સરકારે એક નવા ટ્રાન્સનેશનલ સ્કેમ વિશે જાગૃત્તિ અને સુરક્ષા રાખવા સંબંધિત એલર્ટ મોકલ્યું છે. જેમાં જણાવ્યું છે કે, નકલી ઈન્ડિયા પોસ્ટ ડિલિવરી મેસેજ મારફત આઈફોન ડિવાઈસ હેક થઈ શકે છે. તેમજ હેકર યુઝર્સના બેન્ક એકાઉન્ટ ખાલી કરી શકે છે. સાયબર દોસ્ત દ્વારા આઈફોન યુઝર્સને મોકલવામાં આવી રહેલ સિક્યોરિટી એલર્ટ ગયા મહિને એન્ડ્રોઈડ યુઝર્સ સાથે થયેલા ઈન્ડિયા પોસ્ટ દ્વારા જારી કરાયેલ ફેક મેસેજ સ્કેમ જેવું જ છે. સરકાર દ્વારા શેર કરવામાં આવેલા આ એલર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે સ્કેમર્સ યુઝર્સને ફસાવે છે. સ્કેમર્સ આઈફોન યુઝરને મેસેજ મોકલે છે કે, "તમારું પેકેજ વેરહાઉસ પર આવી ગયું છે અને અમે બે વાર ડિલિવરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અધૂરા સરનામાની માહિતીને કારણે અમે ડિલિવરી કરવામાં અસમર્થ છીએ. કૃપા કરીને લિંક પર ક્લિક કરી ૪૮ કલાકની અંદર તમારી સંપર્ક વિગતો અપડેટ કરવામાં નહીં આવે તો પેકેજ કંપનીમાં પાછું રિટર્ન થઈ જશે.

વેબસાઈટની લિંક પર ક્લિક કરી તમે જેવુ ડિલિવરી સરનામું અને બેંક એકાઉન્ટ સંબંધિત માહિતી અપડેટ કરો છો, તે તમામ વિગતોનો ઉપયોગ કરી સ્કેમર્સ થોડા જ સમયમાં તે વ્યક્તિના ખાતામાંથી પૈસા ઉપાડી લે છે. આવી સ્થિતિમાં, સરકાર લોકોને ચેતવણી આપી રહી છે કે તેઓ અજાણ્યા સ્ત્રોતથી આવતા મેસેજમાં આપવામાં આવેલી કોઈપણ લિંક પર ક્યારેય ક્લિક ન કરે.

સરકાર લોકોને સુરક્ષા એલર્ટ મોકલીને જણાવે છે કે આ ચેતવણી ગંભીર છે. આ નકલી મેસેજના કારણે, તમે URL દ્વારા નકલી વેબસાઈટ્સ પર વ્યક્તિગત વિગતો શેર કરી છેતરપિંડીનો ભોગ બની શકો છો. તેથી લોકોને આવા મેસેજથી સાવધ રહેવા માટે કહેવામાં આવી રહ્યું છે.કેન્દ્ર સરકારના સાયબર સિક્યોરિટી ડિવિઝન સાયબર દોસ્ત તરફથી આઈફોન યુઝર્સને એલર્ટ મોકલવામાં આવ્યો છે. સામાન્ય રીતે આઈફોન અત્યંત સુરક્ષિત ડિવાઈસ ગણાય છે. પરંતુ પેગાસસ સ્પાયવેર જેવા કિસ્સાઓએ આઈફોન યુઝર્સનો તણાવ વધાર્યો છે. ભારતમાં આઈફોન યુઝર્સ સાથે છેતરપિંડી થઈ રહી છે.

ભારત સરકારે આઈફોન યુઝર્સને ચેતવણી આપી છે કે તેઓ આવા મેસેજથી દૂર રહે. આ સાથે જો તેમને આવો કોઈ મેસેજ મળે તો તેની જાણ કરવા પણ કહેવામાં આવ્યું છે.

- કોઈપણ અજાણી લિંક પર ક્લિક કરવાનું ટાળો.- આવા સંદેશાઓ માટે રીડ રિસિપ્ટ સેટિંગને અક્ષમ કરો.

જો તમે આવી ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો શિકાર બનો છો, તો તરત જ ૧૯૩૦ પર કૉલ કરી તમારી ફરિયાદ નોંધાવો.

### ૧ કરોડ કર્મચારીઓ મોટી ખુશખબરી!

# ૧૮ મહિનાનું DA એરિયર એક સાથે મળશે, સરકારને મળી ગઈ પ્રપોઝલ

નવી દિલ્હી, તા.૧૧

૧ કરોડ કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સ માટે સારા સમાચાર આવ્યા છે. કર્મચારીઓને ૧૮ મહિનાનું એરીયર મળી શકે છે. પીએમ મોદીને કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનર્સને કોરોના મહામારી દરમિયાન ૧૮ મહિનાના પેન્ડિંગ મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહત નું પેન્ડિંગ ચૂકવણું આપવા અંગે પ્રપોઝલ મળ્યું છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સંયુક્ત સલાહકાર મશીનરી, રાષ્ટ્રીય પરિષદ (કર્મચારી પક્ષ)ના સચિવ શિવ ગોપાલ મિશ્રાએ કેન્દ્ર સરકારને પહેલાં ૧૮ મહિનાના પેન્ડિંગ DAને ચૂકવવાનો આગ્રહ કર્યો છે.

સરકારે નહોતું આપ્યું ૧૮ મહિનાનું પેન્ડિંગ DA એરીયરઃ કોરોના મહામારીને જોતાં કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૦થી જૂન ૨૦૨૧ સુધી ૧૮ મહિના માટે ઙ્ઘછ અને ઙ્ઘઈનું પેમેન્ટ રોકી દીધું હતું. આ પહેલાં ભારતીય સંરક્ષણ મજૂર સંઘના મહાસવિવ મુકેશ સિંહે કેન્દ્ર સરકાર પાસેથી પેમેન્ટ કરવાનો આગ્રહ કર્યો હતો. ૧૮ મહિનાનું DA એરીયર હજી સુધી પેન્ડિંગ છે.નાણાંમંત્રી નિર્મલા સિતારમણને એક પત્રમાં લખ્યું છે કે, કોરોના મહામારીથી ઉભા થયેલા પડકાર અને ત્યારબાદ આવેલી આર્થિક સમસ્યાઓને અમે સમજીએ છીએ. જેના કારણે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઙ્ઘછ અને ઙ્ઘઈની ત્રણ હપ્તા રોકી દેવાયા હતા. હવે આપણો દેશ ધીમે-ધીમે મહારામારીમાંથી બહાર આવી રહ્યો છે. આપણા દેશની આર્થિક સ્થિતિમાં સુધાર થવો સારી બાબત છે.

સરકારને મળ્યું ૧૮ મહિનાના DA એરીયરનું પ્રપોઝલઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં મિશ્રાએ જણાવ્યું કે, રાષ્ટ્રીય પરિષદ (JCM)ના સચિવ (કર્મચારી પક્ષ) તરીકે આ મારું કર્તવ્ય છે કે હું કેટલાક પ્રમુખ મુદ્દાઓ પર તમારું ધ્યાન ખેંચું, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેંશનર્સને પરેશાન કરી રહ્યું છે. જો સરકાર ૧૮ મહિનાના ઙ્ઘછ એરીયરના પ્રપોઝલને સ્વીકારી લે છે, તો કર્મચારીઓને મોટા એમાઉન્ટની સેલરી મળી શકે છે.જેનો વર્તમાન દર ૫૦ ટકા છે, જે જાન્યુઆરી ૨૦૨૪થી લાગુ થયો હતો. હવે આગામી રીવીઝન જુલાઈ ૨૦૨૪ માટે હશે, જેની જાહેરાત પણ ત્યારબાદ જ કરવામાં આવશે. પરંતુ આંકડાઓના ટ્રેન્ડ પરથી અંદાજ લગાવાઈ રહ્યો છે કે આ વખતે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો થઈ શકે છે અને નવું મોંઘવારી ભથ્થું કુલ ૫૩ ટકાના દરે લાગુ થઈ શકે છે.

# કેટલાક વિસ્તારોમાં હવામાન વિભાગે યેલો એલર્ટ જાહેર કર્યા

મુંબઈ, તા.૧૧

મુંબઈમાં છેલ્લા ઘણા દિવસોથી સતત વરસાદ વરસી રહ્યો છે. જોકે વરસાદ બંધ થઈ ગયો હતો પરંતુ એક વખત ફરી હવામાન વિભાગે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આ વરસાદથી અમુક વિસ્તારોમાં નદિઓ ગાંડી બની છે. અમુક જગ્યાઓ પર વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે. આ વચ્ચે ફરી મુંબઈ સહિત આખા રાજ્યમાં ભારે વરસાદની ચેતાવણી આપવામાં આવી છે. ઘણી જગ્યાઓ પર વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મંગળવારે બપોરથી મુંબઈ સહિત ઠાણેમાં વરસાદથી રાહ હતી. પરંતુ હવે હવામાન વિભાગ દ્વારા વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર કોંકણના રાયગઢ, રત્નગિરી અને સિંધુદુર્ગ જિલ્લામાં વરસાદે યેલો એલર્ટ જાહેર કર્યો છે. ત્યાં જ મુંબઈની સાથે ઠાણે જિલ્લામાં પણ વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પશ્ચિમી મહારાષ્ટ્રના પુણે અને સતારા જિલ્લામાં પણ વરસાદનું યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તરી મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં વરસાદનું યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વિદર્ભના ગઢચિરૌલી, ચંદ્રપુર, ગોંદિયા, નાગપુર અને અમરાવતી જિલ્લા માટે પણ વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પ્રશાસને નાગરિકો પાસે ઉચિત સાવધાની રાખવાની અપીલ કરી છે.

### અગ્નિવીર પર કેન્દ્ર સરકારે મોટો નિર્ણય કર્યો

# અગ્નિવીરોને કેન્દ્રીય પોલીસ દળોમાં પણ નોકરી મળશે

**કેન્દ્રે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં કોન્સ્ટેબલોની ૧૦ ટકા જગ્યાઓ ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત રાખી : CISFમાં પણ શારીરિક કસોટીમાં છૂટ અપાશે**

નવી દિલ્હી, તા.૧૧

અગ્નિપથ યોજનાને લઈને છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે એક મોટું પગલું લેતા આ યોજનામાં ફેરફાર કર્યો છે. કેન્દ્રે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં કોન્સ્ટેબલોની ૧૦ ટકા જગ્યાઓ ભૂતપૂર્વ અગ્નિવીરો માટે અનામત રાખી છે. સરકાર કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ (CISF)માં પણ શારીરિક કસોટીમાં છૂટ આપશે. ગૃહ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું કે અગ્નિવીરોને કેન્દ્રીય પોલીસ દળોમાં પણ નોકરી મળશે. સાથે જ પૂર્વ અગ્નિવીરો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. શારીરિક કસોટીમાંથી પણ પૂર્વ અગ્નિવીરોને મુક્તિ મળશે અને CISFમાં પણ ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. જ્યારે, CISFના મહાનિર્દેશક નીના સિંહે જણાવ્યું કે CISFએ પણ આ સંબંધમાં બધી તૈયારીઓ કરી લીધી છે.

૧૪ જૂન ૨૦૨૨ના રોજ જાહેર કરાયેલી અગ્નિપથ યોજનામાં ૧૭થી ૨૧ વર્ષની વયના યુવાનોને માત્ર ચાર વર્ષ માટે ભરતી કરવાની જોગવાઈ છે, જેમાં ૨૫ ટકા અગ્નિવીરોને આગામી ૧૫ વર્ષ સુધી જાળવી રાખવાની જોગવાઈ છે. સરકારે ત્યારબાદ ઉપલી વય મર્યાદા વધારીને ૨૩ વર્ષ કરી દીધી. અગ્નિપથ યોજના અંગે વિવાદ તાજેતરમાં પૂરા થયેલા સંસદ સત્ર દરમિયાન વિપક્ષે અગ્નિપથ યોજના અંગે સવાલો ઉઠાવ્યા હતા. સરકારને ઘેરવા બાદ અગ્નિપથ યોજના પર ઉઠેલા વિવાદ વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના દાવાઓનું ખંડન કરતા કહ્યું હતું કે ૧૫૮ સંગઠનો પાસેથી સૂચનો લીધા બાદ આ યોજના લાગુ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨માં જ આની જાહેરાત કરી હતી. તે દરમિયાન પણ જ્યારે 'અગ્નવીર યોજના'નો વિરોધ વધી ગયો હતો ત્યારે ગૃહ મંત્રાલયે જાહેરાત કરી હતી કે અર્ધલશ્કરી દળોની નિમણૂંકમાં અગ્નિવીરને પ્રાથમિકતા મળશે. તેમને ૧૦% અનામત આપવામાં આવશે. સંરક્ષણ મંત્રાલયે પણ અગ્નિશામકોને ૧૦% અનામત આપવાનું વચન આપ્યું હતું. આ સિવાય ઉત્તર પ્રદેશ, ગોવા અને હરિયાણાની સરકારોએ રાજ્ય પોલીસ અને સંબંધિત સેવાઓમાં અગ્નિશામકોને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી.

સરકાર જૂન ૨૦૨૨માં અગ્નિપથ યોજના લાવી હતી. યુવાનોને સંરક્ષણ સાથે જોડવાની આ ટૂંકા ગાળાની યોજના છે. આર્મી, એરફોર્સ અને નેવીની યોજના હેઠળ ભરતી થયેલા સૈનિકોને નામ આપવામાં આવ્યું હતું - અગ્નિવીર. આમાં સૈનિકોની ભરતી ચાર વર્ષ માટે કરવામાં આવે છે અને તેમને આગામી ચાર વર્ષ માટે એક્સટેન્શન પણ મળી શકે છે. સેવા પૂરી થયા પછી, ૨૫ ટકા અગ્નિવીરોને નિયમિત સેનામાં લેવામાં આવશે, જ્યારે બાકીના ૭૫ ટકાને મોટી રકમ સાથે કૌશલ્ય પ્રમાણપત્ર આપવામાં આવશે જેથી તેઓ તેમની ક્ષમતા અનુસાર નવું કામ શોધી શકે.

### કોલેરાના ચાર પોઝિટિવ કેસ સામે આવ્યા હતાં

# કલોલમાં ઝાડા-ઊલટીના કેસો વધ્યા શહેરના બે વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર

**કલોલમાં યોજાયેલી બેઠકમાં કલેક્ટરે પાણીના સુપર ક્લોરીનેશન ઉપરાંત તાત્કાલિક ધોરણે લીકેજ શોધવા અને શહેરભરમાં સ્વચ્છતા ઝુંબેશ માટે સુચના આપી હતી**

ગાંધીનગર, તા.૧૧

કલોલ શહેરમાં ઝાડા-ઉલટીના સંખ્યાબંધ દર્દી નોંધાયા બાદ કોલેરાના ચાર પોઝિટિવ કેસ સામે આવ્યા હતાં. તેના પગલે જિલ્લા કલેક્ટરે જાહેરનામુ પ્રસિધ્ધ કરી કલોલ શહેરના બે વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે તેમાં બે-બે કિલો મિટર મળી કુલ ચાર કિલો મિટર વિસ્તારને કોલેરાગ્રસ્ત અને કોલેરા ભયગ્રસ્ત તરીકે આવરી લેવામાં આવ્યો છે. તેની સાથે રોગચાળાને અટકાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

કલોલના કોલેરા અસરગ્રસ્ત વિસ્તારમાં સઘન રોગ અટકાયતી પગલાં ભરવા જિલ્લા કલેકટર મેહુલ દવે સંબંધિત અધિકારીઓને સૂચના આપી તાત્કાલિક પગલાં ભરવા અનુરોધ કર્યો છે. જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને કલોલમાં યોજાયેલી બેઠકમાં કલેક્ટરે પાણીના સુપર ક્લોરીનેશન ઉપરાંત તાત્કાલિક ધોરણે લીકેજ શોધવા અને શહેરભરમાં સ્વચ્છતા ઝુંબેશ માટે સુચના આપી હતી.

આ બેઠકમાં રોગચાળો ફેલાતો અટકે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા ડોર ટુ ડોર સર્વેની વિગતો આપવામાં આવી હતી. તેમજ ઝાડા-ઉલટીના દર્દીઓને ઝડપથી સારવાર પૂરી પાડવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ઓઆરએસ પેકેટના વિતરણ અંગે પણ બેઠકમાં માહિતી આપવામાં આવી હતી. બેઠક બાદ જિલ્લા કલેકટરે સરકારી દવાખાનામાં તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની રૂબરૂ મુલાકાત લઈ તેમના ખબર અંતર પૂછ્યા હતા. તેમણે દર્દીઓને આપવામાં આવતી સારવાર સંદર્ભે પણ માહિતી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે રોગ અટકાયતી પગલાં ઉપરાંત રોગ સામે રાખવાની કાળજી સંદર્ભે લોકજાગૃતિના પગલાં ભરવા પણ ખાસ અનુરોધ કર્યો હતો આ મુલાકાત સંદર્ભે પ્રાંત અધિકારી જૈનિલ દેસાઈ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ. જે. વૈષ્ણવ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કલોલ શહેરમાં વારંવાર ફેલાતો કોલેરાનો વાવર

શહેરના પૂર્વ વિસ્તારમાં અવારનવાર પાણીજન્ય રોગચાળો માથુ ઉચકતો હોય છે. છતાં પાલિકા તંત્ર દ્વારા આજ સુધીમાં કોઈ ઠોસ ઉપાય અમલમાં મુકવામાં આવ્યો નથી. શહેરીજનોના કહેવા મુજબ પાણી અને ગટરની લાઈનો વર્ષો જૂની હોવાના કારણે વારંવાર લિકેઝનો પ્રશ્ન સર્જાય છે. તેના કારણે સામાન્ય અને ગરીબ પરિવારોનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે. બે દિવસમાં કોલેરાના ચાર પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઝાડા-ઉલટીના સંખ્યાબંધ કેસ સામે આવ્યા છે. તે પૈકી ચાર દર્દીનો કોલેરા રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

### દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને મેઘરાજાએ ઘમરોળ્યુ છે

# સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

**દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ સહિતના જિલ્લાઓમાં ફરી અનરાધાર વરસાદ વરસ્યો**

અમદાવાદ, તા.૧૧

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં મેઘાએ ફરી કરી છે જમાવટ. દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ સહિતના જિલ્લાઓમાં ફરી અનરાધાર વરસાદ વરસ્યો. સુરત શહેરના મોટા ભાગના વિસ્તારો વરસાદને કારણે પાણી પાણી થઈ ગયા. ભારે વરસાદથી રસ્તાઓ પર પાણી વહેતા થઈ ગયા. વલસાડ પંથક પર પણ ફરી મેઘરાજાએ વહાલ વરસાવ્યું. બીજી તરફ સૌરાષ્ટ્રના અમરેલી પંથક પર પણ મેઘરાજાની કૃપા યથાવત રહી છે. અમરેલીમાં અવિરત વરસાદને કારણે ચેકડેમ અને તળાવો છલકાયા છે. તો બનાસકાંઠાના દાંતામાં પણ વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહીની વાત કરીએ તો રાજ્યમાં આગામી ૭ દિવસ ધોધમાર વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જે અંતર્ગત નર્મદા, ભરૂચ, સુરત, નવસારીમાં ભારે વરસાદ પડી શકે છે. તો ડાંગ, તાપી, વલસાડને પણ મેઘરાજા ધમરોળી શકે છે. સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જામનગર, મોરબી, બોટાદ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં પણ અતિ ભારે વરસાદની સંભાવના છે. અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, સુરેન્દ્રનગરમાં પણ ધોધમાર વરસાદની શક્યતા છે.

સુરત શહેરમાં હળવા વરસાદમાં જ ભરાયા ઠેકઠેકાણે ભરાઈ ગયા વરસાદી પાણી. શહેરના કતારગામ-ગોટાલાવાડી મેઈન રોડ પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકી પડી. મામૂલી વરસાદમાં જ પાણી ભરાઈ જતાં મનપાની પ્રિ-મોન્સૂન કામગીરી પર સતત સવાલો ઉઠી રહ્યા છે. ઉઠી રહ્યા છે સવાલબીજી તરફ સુરતના અનેક વિસ્તારોમાં સવારથી જ જામ્યો વરસાદી માહોલ. શહેરના અઠવાલાઈન, અડાજણ, પાલ, રાંદેર, પીપલોદ, મજુરા ગેટ, ઉધના ,પાંડેસરા, સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો. સુરત જિલ્લાના ઓલપાડ, માંગરોળ,માંડવી સહિત અનેક વિસ્તારોમાં પણ મેઘમહેર જોવા મળી.

થોડા દિવસોના વિરામ બાદ વલસાડમાં ફરી વરસાદે એન્ટ્રી મારી છે. વલસાડ જિલ્લાના ઉમરગામ, વાપી અને પારડી સહિતના શહેરોમાં ધોધમાર વરસાદ. વરસાદના કારણે સ્ટેટ હાઈવે પર પાણી ભરાયા. કપરાડામાં પણ ધોધમાર વરસાદ વરસતા રસ્તા પર પાણી વહેતા થયા.

## શરદ ઋતુમાં આહાર - વિહાર

ઋતુ ત્રણ પણ છે અને છ પણ છે. હેમંત, શિષીર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ ઋતુ. તેમાં ભાદરવો અને આસોના સાંઈઠ દિવસ તેને શરદ ઋતુ કહે છે. તે બે ઋતુમાં સંચય થયેલ પિતનો સૂર્યની તીવ્ર ગરમીથી પ્રકોપ થવાથી રોગો થવાની શકયતા વધી જાય છે. આ બે મહિના જો સ્વાસ્થય સારી રીતે સચવાય તો બાકીના ૧૦ મહિના વાંધો નથી આવતો. એટલે જ આશીર્વાદ આપતા કહેવામાં આવે છે કે શતં જીવે તે શરદ : એટલે કે ૧૦૦ શરદ ઋતુ સારી રીતે પસાર કરી શકે તેવું જીવન જીવે. આ શરદ છતુમાં આહાર અને વિહારમાં જો નીચે પ્રમાણેનું ધ્યાન રાખવામાં આવે તો અત્યંત ફાયદો થાય છે. (૧) શરદ પુનમની ચંદ્રમાના કિરણોમાં એક અદભુત, દિવ્ય શકિત રહેલી હોય છે. કહેવાય છે કે બે કિલોમીટર નીચે તળાવની અંદર વર્ષમાં એક વખત એક ફૂલ ઉગે છે તે શરદપૂનમના ચંદ્રની પ્રભાના કારણે છે. જૈનોમાં પણ ભગવાનના ગુણવાચક નામોની સ્તવના એક રાત્રિના ૧૦૮ વખત નમોત્યુંણ સ્તોત્ર દ્વારા કરવાની વિધિ બતાવેલી છે. જેમાં ચંદ્રની પ્રભા શરીર પર પડવી જરૂરી છ. માથા પર કોઈ છજજુ જોઈને અને આ પ્રમાણે મંત્ર-સાધના કરવાની સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સહજ અને સુલભ બને છે.

(૨) શરદ પુનમમાં ઉગ્ર તાપથી બચવા બપોરે બહાર ન નીકળવું. તેમ જ બપોરે સૂવું પણ ન જોઈએ. અને જો ઊંઘ આવતી હોય અને સૂવું જ હોય તો ખુરશીમાં બેઠા બેઠા સૂઈ જવું. આયુર્વેદમાં કહેવાયું છે કે જમ્યા પછયી જે ઘસઘસાટ સૂઈ જાય છે તેનું શરીર ભૂંડની જેમ વધે છે. વામકૃક્ષિ કરી શકાય છે. જમ્યા પછી વજાસન કર્યા પછી બે-પાંચ મિનિટ રાજાની જેમ શાંતિથી બેસીને લવિંગ ધાણાજીરૂ, જેઠીમધ, વરીયાળી, એલચીનો મુખવાસ લેવો જોઈએ. અને ત્યાર પછી યુવાનોએ અને નિરોગીઓએ ૨૫૦ પગલાં અને વૃદ્ધો તેમ જ બીમાર વ્યકિતઓએ ૧૦૦ પગલાં ચાલવું જોઈએ. અને ત્યાર બાદ ડાબા પડખે સોળ સામાન્ય શ્વાસોચ્છવાસ, જમણાં પડખે સૂઈને ૩૨ શ્વાસોચ્છવાસ અને પાછા ડાબા પડખે ૬૪ શ્વાસોચ્છવાસ લેવાની વિધિ બતાવાઈ છે. આ ૬૪ શ્વાસોચ્છવાસ ગણતાં ગણતાં મીટી નિંદર ૧૦-૧૪ મિનિટની આવશે જે ખૂબ જ ઉપયોગી નીવડે છે. પરંતુ ઘસઘસાટ સૂવું નહીં.

(૩) આ ઋતુમાં નદીનું પાણી, વિરેચન, લોહી કઢાવવું, ધોળા ચોખા, ઘઉં, મગ, જવ, ઘી, દુધ, આમળા, સાકર, ગલકા, તુરા, કડવા, દ્રવ્યો, શેરડી, કપુર, હંસોદય (સૂર્ય - ચંદ્ર અને અગસ્થ તારાના કિરણોથી શુદ્ધ થયેલું પાણી) સંદર મહેલ, સુંગધીદાર ફુલના હાર, સફેદ વસ્ત્રો વગેરે પહેરવા જોઈએ. રાત્રે શીતળ ચાંદનીમાં વિહાર કરવું જોઈએ. મનને સંતોષ થાય તેવા મીઠી વાતો કરવાનો આ ઋતુમાં ફાયદો થાય છે.

(૪) દૂધઘ પૌઆ અને ખીર આ ઋતુમાં પીતનું શમન કરે છે. ટમેટા, ખાટા સૂપ વગેર અને આથો આવ્યો હોય તેવા ઢોસા, ઈડલી, પીત્ઝા, બ્રેડ, સોસ કે આમલી કોઠમડી, આમચુર વગેરેનો ઉપયોગ ન કરવો જોઈએ. મચ્ચાં, મરી, લીડીંપીપર વગેરે તીક્ષ્ણ દ્રવ્યો પણ નહીં વાપરવા જોઈએ. લીંબું, આમળા અને કોકમ વિપાકે મધુર હોવાથી તે પ્રમાણસર જ લેવા જોઈએ. દહીં તો આમ પણ ન વાપરવું જોઈએ કારણ કે તે નેગેટિવ લિસ્ટમાં પ્રથમ ક્રમાંકે છે. દહીં પોતે તો ખાટું છે પરંતુ પચ્ગા પછી તે વધારે ખાટું બની જાય છે. એટલે ઉપાલંભમાં કહેવાય છે કે સાંજે દહીં ખાય તેને ત્રણ ફાયદા થાય છે - (૧) તેના ઘરે ચોરી થતી નથી કારણ કે તે સતન ખાંસતો રહે છે (૨) તેને કયારે પણ કૂતરૂં કરડતું નથી કેમ કે નાની ઉંમરમાં જ તેના હાથમાં વૃદ્ધા વસ્થાની લાકડી આવી ગઈ હોય છે. (૩) તેણે પોતાના પરિવારના કોઈ પણ સભ્યનું મોત જોવું પડતું નથી



કારણ કે તેનો નંબર પહેલા જ લાગી ગયો હોય છે. સામાન્ય ઋતુમાં દહીં ખાવું હોય તો સવારમાં ખાવું અને ખાસ કરીને તેમાં ઘી અને સાકર સારી રીતે મિકસ કરીને ખાવું. આ ઉપરાંત વલોણાની છાશ પીવી જોઈએ. અને શકય હોય તો છાશમાં જીરૂ, સિંધવ મીઠું નાખીને પીવાથી ખૂબ જ ફાયદાકારક રહે છે.

(૫) મધપાન એટલે બીડી, સિગારેટના વ્યસનો અને તમાકુ સુંઘવામાં કે દાંત ઘસવામાં પણ શરીરને ખૂબ નુકસાન થાય છે. બે મહિના દાળ અને શાકમાં દેશી ગાયના ઘીનો વઘાર કરીને ખાવાનો એક નાનકડો પ્રયોગ કરી જુઓ. ચોકકસ તમને ફરક દેખાઈ આવશે. સીતાફળ, ચીકુ, કે સફરજન જેવા મીઠા ફળો ચોકકસ ખાઈ શકાય. આજકાલ એલચી કેળા ખૂબ જ ઓછા દેખાય છે અને તે ઘણાં મોંઘા પણ છે છતાં એકાંદુ એલચી કેળું ખાવાથી ફાયદો થાય છે. હા, પણ બારે મહિના કેળા કયારેય ન ખાવા જોઈએ. આજકાલ દવાથી પકવેલા કેળા જ જોવા મળે છે જયારે ખવાતા હોય તો કેળાને ગરમ કરી તેમાં પ્રમાણસર ઘી-એલચી અને સાકર પ્રમાણસર મિકસ કરીને ઘી નાંખી ગરમ કરી ખાવાથી કફ થતો નથી. કારેલા, કંકોડા, દૂધી, ગલકાં અને જીવંતી એટલે કે ડોડીનું શાક જો મળતું હોય તો તે વાપરી શકયા છે. શેરડીનો રસ પીવાને બદલે શેરડીના ટુકડા ચુસવા વધુ ફાયદાકારક છે.

(૬) આ ઋતુમાં ચક્કર આવવા, ખંજવાળ આવવી, એસિડિટી થવી, ભૂખ નહીં લાગવી, માઈગ્રેન જેવા માથાનો દુઃખાવો વગેરે અનેક રોગો થવાની શકયતા પ્રબળ છે. આથી જ અગાઉ જણાવ્યું તે પ્રમાણે બહારનું શકય હોય તેટલું ચોક્કસ ટાળવું. આજકાલ તો પિત્ઝા, બર્ગર, ચાઈનીઝ રાઈઝ, મન્ચુરિયન, ચાઈનીઝ ઢોસા જે ખૂબ જ તીખા અને તમતમતાં હોય છે જે આજની યુવા પેઢી કોઈ પણ જાતની પરવા કર્યા વગર આડેધડ ખાતી દેખાય છે. પણ આ બધું જ લાંબાગાળે શરીરના સ્વાસ્થ્ય માટે હાનીકારક છે. તીખુંતમતમતું, આમલી નાંખેલી દાળ કે ઢોસા સાથે આપવામાં આવતો સાંભાર આડેધડ ખાવાથી હોજરીમાં ચયાપચનની ક્રિયામાં ગડબડ થાય છે જેના કારણે આંતરડામાં ફોડલાં - ચાંદા પડે છે જે. ઘરના વડીલોએ આજકાલના જુવાન છોકરા - છોકરીઓને આ બાબતે ખાસ પ્રયાન દોરવું આવશ્યક છે. આયુર્વેદમાં આનો પણ ઉપાય બતાવવામાં આવ્યો છે. ચંદ્રપ્રભાવટી સવાર-સાંજ ખાલી પેટે બે - બે લેવી જોઈએ. તેમ જ સવારે ૧૦ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે બે - બે એલચી યોગ્ય રીતે ચાવીને ખાવી જોઈએ. એક ચમચી સતાવળનો પાવડર દૂધમાં ઉકાળીને ખડી સાકર નાંખીને પાણી બળી જાય પછી તે દૂધ સવાર-સાંજ પીવાથી પિત્તના રોગોમાં અમાપસમાપ ફાયદો થતો હોય છે આયુર્વેદમાં અનેક રોગોના ઉપાયોબતાવવામાં આવ્યા છે. માત્ર શરદ ઋતુ જ નહીં પરંતુ બારે મહિના નિરોગી રહેવું હોય તો ડોક્ટર પાસે જવા કરતાં આયુર્વેદનો ઉપયોગ ઘરમાં નાની નાની વસ્તુઓમાં કરવાથી પરિવારના દરેક સભ્યનું સ્વાસ્થ્ય સાઢં રહે છે. એટલે જ કહેવાયું છે કે જેનું તન સારૂ, તેનું મન સાઢં અને જેનું મન સાઢં તેનું જીવન પણ સારૂ. પછી તો આ નિરોગી શરીરથી આત્મકલ્યાણની ઉત્તમ સાધના સહજ, સરળ અને સુલભ બની જાય છે.

**-અતુલકુમાર વ્રજલાલ શાહ**

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને ૧૧ હજારનું અનુદાન



અમરેલી,તા.૧૧

સેવાને સરનામે ઉમળકા સાથે સ્વરાચિરાગભાઈ ચાવડાનાં જન્મ દિવસ નિમિત્તે સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત ''સારહિ તપોવન આશ્રમ'' માં રહેતા તપસ્વીઓને આઈસક્રીમ ખવડાવીને સાથો સાથ રૂ.૧૧,૧૧૧/- નું અનુદાન કરવામાં આવ્યુ હતુ. ચાવડા પરીવારે ઉપસ્થિત રહેલ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા-પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્રસારહીપરિવારનેશુભકામનાઓ પાઠવી.

આ અવસરે સારહી યુથ કલબનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી રૂજુલભાઈ ગોંડલીયા, ચંદુભાઈ રામાણી સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ અને સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાંઆવેલ.

# એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ ચોમાસામાં પશુ, પક્ષીઓનાં રક્ષણ માટે એડવાઈઝરી બહાર પાડી

એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા (AWBI) એપ્રિવેન્શનઓફ ક્રુઅલ્ટીટુએનિમલ્સ (PCA) એકટ, ૧૯૬૦ની કલમ ૪ હેઠળ સ્થાપિત એક વૈધાનિક સંસ્થા છે. જેમાં પ્રાણી કલ્યાણને પ્રોત્સાહન આપવા અને પ્રાણીઓને થતી બિનજરૂરી પીડા અથવા વેદનાને રોકવાના હેતુથી પશુ સંરક્ષણને લગતી બાબતો પર સરકારનાં સલાહકાર બોર્ડ તરીકે, પશુ કલ્યાણની સુરક્ષામાટે પરિપત્રો અને માર્ગદર્શિકા જાહેર કરે છે.



વર્તમાન ચોમાસાનાં સમય દરમિયાન પશુ, પક્ષીઓની સલામતી અને સુખાકારીની કાળજી લેવા માટે તમામ નાગરિકો, પશુ કલ્યાણ સંસ્થાઓ અને સ્થાનિક સત્તાવાળાઓએ સક્રિય પગલાં ભરવા માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે :કામચલાઉ આશ્રયસ્થાનો બનાવવા : વાંસ અથવા ટ્રેમ્પોલીન શીટ્સમાંથી સૂકી જગ્યાએ કામચલાઉ આશ્રયસ્થાનો બનાવવા જે જમીનના સ્તરથી ઊંચું હોય, સારી રીતે વેન્ટિલેટેડ હોય અને સલામત સ્થળોએ હોય કે જયાં રખડતા પશુ, પક્ષીઓ ભારે વરસાદ અથવા પૂર જેવી પરિસ્થિતિઓમાં આશ્રય મેળવી શકે.

ચોખ્ખું પાણી રાખવું: વિવિધ કન્ટેનરમાં પીવાનું શુદ્ધ પાણી પૂરૂં પાડવું જેથી વરસાદમાં પશુ, પક્ષીઓને પાણીની શોધમાં બહાર રખડવું ન પડે.

ઈમરજન્સી વેટરનરી સેવાઓ ઉપલબ્ધ રાખવી : બીમાર અથવા ઈજાગ્રસ્ત પશુ, પક્ષીઓ માટે ઝડપી સારવાર સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક પશુચિકિત્સા સેવાઓ સાથે સંકલન કરવું.સમુદાયની ભાગીદારી અને સ્વયંસેવક કાર્યક્રમો ગોઠવવા : સમુદાયના સભ્યોને જો ઉપલબ્ધ હોય, તો રખડતા પશુ, પક્ષીઓને તેમના મંડપ, ગેરેજ અથવા કોઈપણ અન્ય ઢકાયેલ જગ્યામાં આશ્રય લેવાની મંજૂરી આપવા માટે પ્રોત્સાહિત કરો.ડ્રેનેજ, પાણી અને કચરાનું વ્યવસ્થાપન: પાણી ભરાતા અટકાવવા માટે યોગ્ય ડ્રેનેજ સિસ્ટમની વ્યવસ્થા કરો, કારણ કે ખુલ્લા ડ્રેનેજ રખડતા પશુ, પક્ષીઓ માટે ખતરો બની શકે છે. પશુ, પક્ષીઓની જરૂરિયાતો વિશે લોકોને શિક્ષિત કરવા, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી, પોસ્ટરો શેર કરવા જોઈએ. સામાજિક બેઠકો યોજવી જોઈએ. અસરકારક કાર્યવાહી માટે સ્થાનિક મ્યુનિસિપલ સંસ્થાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ અને અન્ય સંબંધિત સંસ્થાઓ સાથે મળીને કામ કરવું જોઈએ. આ વિષે વધુ માહિતી માટે એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ www.awbi.gov.in નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### બપોરે 3.30 કલાકે લીલીયા, ગારીયાધાર, ગઢડા રૂટ પર ચાલશે

# સાવરકુંડલાથી કવાટ મધ્યપ્રદેશ બોર્ડર સુધીની નવી એસ.ટી. બસ શરૂ કરવામાં આવી

**અમરેલી અને ભાવનગરના પાવાગઢ જતા આવતા દર્શનાર્થીઓમાં ખુશી**

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા એસ.ટી.ડેપો દ્વારા સાવરકુંડલા થી કવાટ નવા રૂટ ની બસ શરૂ કરવામાં આવીછે જે સાવરકુંડલાથી બપોરે ૩:૩૦ સાડા ત્રણ કલાકે ઉપડી વાયા લીલીયા, ગારીયાધાર, દામનગર, ઢસા, ગઢડા, બોટાદ, સારંગપુર, બરવાળા, ધંધુકા, પીપળી, તારાપુર ચોકડી, બોરસદ બાયપાસ, વડોદરા, હાલોલ, પાવાગઢ , બોડેલી, પાવી જેતુપર, છોટાઉદયપુર થઈને કવાટ વહેલી સવારે ૫ વાગે પહોંચશે તેમજ રિટર્ન કવાટ થી બપોરના ૩:૧૫ સવા ત્રણ કલાકે ઉપડી આજ રૂટ પર સાવરકુંડલા વહેલી સવારે ૪ ચાર કલાકે પહોંચશે છોટા ઉદયપુર જિલ્લા અને ગુજરાત નો છેલ્લો તાલુકો કવાટ છે જયાંથી મધ્યપ્રદેશ માત્ર ૧૫ કિલોમીટર જ થાય છે આથી મપ્રયપ્રદેશ બોડર સુધીની સાવરકુંડલા ડેપો દ્વારા બસ શરૂ કરવામાં આવતા મપ્રયમાંથી સૌરાષ્ટ્ર કાઠિયાવાડ માં મજૂરી અને કામ ધંધા માટે આવતા લોકો ને પોતાના વતનમાં સહેલાઈથી આવી તથા જઈ શકશે તેમજ અમરેલી અને ભાવનગર જીલ્લા માંથી સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શને જતા આવતા શ્રદ્ધાળુઓમાં પણ સાવરકુંડલા થી કવાટ વાયા પાવાગઢ બસ શરૂ થતાં ખુશી વ્યાપી જવા પામી હતી આતકે સાવરકુંડલા એસ.ટી.ડેપો મેનેજર વિમલ નથવાણી, ટ્રાફિક ઈન્સપેક્ટર પુનિતભાઈ જોષી, એસ.ટી. યુનિયન અગ્રણી પ્રકાશગીરી મુનાબાપુ, ડ્રાયવર અશરફભાઈ બેલીમ દ્વારા લિલી ઝંડી આપી હતી.

### ૨૪ કલાકમાં ૪૭ તાલુકામાં વરસાદ પડ્યો છે

# ગુજરાતમાં આગામી સાત દિવસ ભારેથી વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૧

હવે ચોમાસું બેસી ગયુ છે ત્યારે હવામાન વિભાગે આગામી સાત દિવસને લઈને વરસાદની નવી આગાહી કરી છે. ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગુજરાત રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.હવે ચોમાસું બેસી ગયુ છે ત્યારે હવામાન વિભાગે આગામી સાત દિવસને લઈને વરસાદની નવી આગાહી કરી છે. ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગુજરાત રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. IMDના અનુમાન મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે. ૨૪ કલાકમાં ૪૭ તાલુકામાં વરસાદ પડ્યો છે. સૌથી વધુ બોટાદમાં અઢી ઈંચ વરસાદ પડ્યો છે. અત્યાર સુધી સિઝનનો ૨૫ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. સુરત શહેર તેમજ કામરેજ અને રાજકોટના ઉપલેટામાં ૨ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાં ક્યાંક છુટોછવાયા વરસાદ તો ક્યાંક ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, આગામી ૪ દિવસ ગુજરાતના લોકોને ગરમી અને બફારો સહન કરવો પડશે. અને ત્યાર બાદ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર થશે.માહિતી અનુસાર ગુજરાતમાં અરબ સાગર તરફથી આવતી અપર એર સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને બંગાળની ખાડી પરથી આવતી સિસ્ટમ નબળી પડતા વરસાદનું જોર ઘટ્યું છે. માહિતી અનુસાર બંગાળની ખાડી પર સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે,જેના કારણે વરસાદ વરસી રહ્યો નથી.હાલ અંબાલાલ પટેલે ગુજરાતના કેટલાક ભાગમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જેમાં અમદાવાદ શહેરમાં પણ આજે વરસાદ થવાની શકયતા છે. આ સિવાય ગુજરાતના દક્ષિણ ભાગમાં અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ વરસી સકે છે. રાજ્યના દક્ષિણ ભાગથી કેરળ સુધી એક ઓફસોર ટ્રફ સર્જાયો છે, જેને કારણે વરસાદની શક્યતા છે. આજે અમદાવાદ શહેરમાં પણ વરસાદ વરસી શકે છે.

### ભારતીય ટીમમાં થશે મોટા ફેરફારો...

# નવા કોચ ગૌતમ ગંભીર બે દિગ્ગજને લાવવા માંગે છે!

નવી દિલ્હી, તા.૧૧

ગૌતમ ગંભીરની નિમણૂક નવા હેડ કોચ: ગયા મહિને ટી20 વર્લ્ડ કપ 2024નો ખિતાબ જીતનાર ભારતીય ટીમમાં હવે મોટો ફેરફાર થયો છે. મુખ્ય કોચ રાહુલ દ્રવિડનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો. આવી સ્થિતિમાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ હવે તેમના સ્થાને ભૂતપૂર્વ ઓપનર ગૌતમ ગંભીરને નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે.ભારતીય ટીમ આ જુલાઈના અંતમાં શ્રીલંકાના પ્રવાસે જશે. ગંભીર આ પ્રવાસથી કમાન સંભાળશે. પરંતુ તે પહેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે કે ટીમમાં હજુ વધુ મોટા ફેરફાર થવાના છે.હકીકતમાં, દ્રવિડની સાથે સપોર્ટ સ્ટાફ, બેટિંગ કોચ વિક્રમ રાઠોડ અને બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયો છે. આ બંને જગ્યાઓ પર પણ નવી ભરતી થવાની છે. આવી સ્થિતિમાં ગંભીરે આ બે પદ માટે BCCIને પોતાની તરફથી 2 નામ સૂચવ્યા છે.અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ગંભીરે બોલિંગ કોચ માટે પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર વિનય કુમારનું નામ સૂચવ્યું છે. તેણે ભારતીય ટીમ માટે 1 ટેસ્ટ, 38 ODI અને 9 T20 મેચ રમી છે. વિનય 2013 ICC ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન પણ ભારતીય ટીમનો ભાગ હતો. હાલમાં, વિનય IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ સાથે સંકળાયેલો છે અને ILT20માં મુંબઈ અમીરાતનો બોલિંગ કોચ પણ રહી ચૂક્યો છે.એટલું જ નહીં, ગંભીરે બેટિંગ કોચ તરીકે અભિષેક નાયરનું નામ સૂચવ્યું છે. તે હાલમાં આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમના સહાયક કોચ અને એકેડેમી ડિરેક્ટર છે. તમને જણાવી દઈએ કે મુખ્ય કોચ તરીકે ગંભીરનો કોન્ટ્રાક્ટ 2027માં સમાપ્ત થશે. પરંતુ તે પહેલા તેમની પાસે ચેમ્પિયન્સ ટ્રોફી 2025, T20 વર્લ્ડ કપ 2026 અને ODI વર્લ્ડ કપ 2027 છે.કેટલાક રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ઝહીર ખાન પણ બોલિંગ કોચની રેસમાં છે. તેનો અર્થ એ છે કે તે બોલિંગ કોચ પારસ મ્હામ્બરેનું સ્થાન લઈ શકે છે, જોકે આ મામલે અંતિમ નિર્ણય BCCI જ લેશે.

### ડીઝલ વેટ રાહત યોજના તળે કુલ ૨૨૦૧૯ બોટ માલીકોને મહત્તમ રૂા. ૧૫ પ્રતિ લીટર કેરોસીન વેટ રાહત યોજના અંતર્ગત માછીમારોને રૂા. ૯.૨૫ લાખની વેટ રાહત ચુકવવામાં આવી

# અમરેલી જિલ્લામાં માછીમાર સહાયો પૈકી રૂા. ૧૨૪૦.૬૧ લાખની સહાયો રાજય સરકારનાં મત્સ્યોદ્યોગ ખાતા મારફત મંજૂર કરવામાં આવી

### રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ માચ્છીમારોને મળ્યો, વિવિધ યોજનાઓ હેઠળ જિલ્લાની ૫૭ માચ્છીમારી બોટોને રૂા. ૧૬૬.૭૭ લાખની સહાય ચુકવવામાં આવી



અમરેલી, તા. ૧૧

ગુજરાત રાજયને ૧,૬૦૦ કિમીલાંબોદરિયાકિનારાનુંવરદાનપ્રાપ્ત થયું છે. જેમાંથી અમરેલી જિલ્લો ૬૨ કિ.મી.નો દરિયા કિનારો ધરાવે છે. અમરેલી જિલ્લામાં જાફરાબાદ, ધારાબંદર, શિયાળબેટ તથા ચાંચ બંદર આમ કુલમળી ૪ મત્સ્યબંદરોનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લામાં દરિયાઈ મત્સ્યોદ્યોગ, આંતરદેશીય મત્સ્યોદ્યોગ તેમજ ભાંભરા પાણીના મત્સ્યોદ્યોગનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લાનું જાફરાબાદ બંદર, એ તેની 'બોમ્બે ડક' (બુમલા) માછલીની માછીમારી માટે સમગ્ર ગુજરાતમાં જાણીતું છે. પ્રતિવર્ષ ૧૦મી જુલાઈ રાષ્ટ્રીય મત્સ્યખેડૂત દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે માછીમારી માટે મહત્તા ધરાવતા અમરેલી જિલ્લાના માછીમારોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહ્યો છે.

જિલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકે જણાવ્યુ કે, અમરેલી જિલ્લા કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જાફરાબાદ, શિયાળબેટ, ચાંચબંદર, નવાબંદર, સૈયદ રાજપરા તથા સિમર મત્સ્ય બંદરો/ઉતરણ કેન્દ્ર ખાતે નાની અને મોટી ૧,૭૦૬ જેટલી માછીમારી બોટો નોંધાયેલી છે. અમરેલી જિલ્લામાં ૩૩ જળાશયો છે, જેમાં સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ઈજારા પેટે આપવામાં આવે છે. ડીઝલ વેટ રાત યોજના તળે કુલ ૨૨૦૧૯ લાભાર્થી માછીમાર બોટ માલીકોને મહત્તમ રૂા.૧૫ પ્રતિ લીટર વેટ રાહત ચુકવવામાં આવી છે અને કેરોસીન વેટ રાહત યોજના અંતર્ગત માછીમારોને રૂા. ૯.૨૫ લાખની વેટ રાહત ચૂકવવામાં આવી છે. મત્સ્યદ્યોગ ખાતા દ્વારા માછીમારોને વિવિધ પ્રકારની યોજનાકીય સહાયોનું ચૂકવણું કરવામાં આવે છે. જેમ કે, પગડીયા સહાય, જી.પી.એસ. સહાય, નવા એન્જીન ખરીદવા, નવા આઈસ પ્લાન્ટ, માછલી સપ્લાય કરવા રેફ્રીજરેટેડ વાન, ઓબીએમ/આઈબીએમ, પોલી પ્રોપોલીન રોપ, જમ્બો પ્લાસ્ટીક ક્રેટ, લાઈફસેવિંગ જેકેટ અને ડીપ ફ્રીઝર જેવી વિવિધ યોજનાઓમાં કુલ ૪૬ માછીમારી બોટોને રૂા. ૩૯.૧૭ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત ઈન્સ્યુલેટેડ વાન, બોટ અપગ્રેડેશન તથા આઈસ પ્લાન્ટ સ્થાપના અન્વયે કુલ ૪ લાભાર્થીઓને રૂા. ૧૧૩.૬૦ લાખની સહાયનું ચુકવણું કરવામાં આવેલ છે. તથા પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત કિસાન ક્રેડિટ કાર્ડ સ્વઢપે વર્ષ :– ૨૦૨૩–૨૪ માં ૨૪૫ માછીમાર બોટ માલિકોને રૂા. ૧૦૬૪.૫૯ લાખની લોન મંજૂર કરવામાં આવી છે. માછીમાર જૂથ અકસ્માત યોજના અતર્ગત ૭ મૃત્તક માછીમારના વારસદારોને રૂા. ૧૪.૦૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. અમરેલી જિલ્લામાં માછીમાર સહાયો પૈકી રૂા. ૧૨૪૦.૬૧ લાખની સહાયો રાજય સરકારના મત્સ્યોદ્યોગ ખાતા મારફત મંજૂર કરવામાં આવી છે.

તાઉતે વાવાઝોડા દરમ્યાન મત્સ્યો બંદરો ઉપર મોટા પ્રમાણમાં નુકશાન થયું હતુ. જે અનુસંધાને જાફરાબાદ ખાતે જેટીના સમારકામ તથા નવી જેટીના બાંધકામ માટે રાજયસરકાર દ્વારા રૂા. ૧૧.૪૦ કરોડના ખર્ચે હાલ કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે. જયારે શિયાળ બેટની જેટી અને બોટ પાર્કીંગ વ્યવસ્થા માટેની કામગીરી ટૂંક સમયમા શરૂ કરવામાં આવશે.

ગુજરાત રાજયના ૧૦ મોટા બંદરોમાં જાફરાબાદ બંદરનો સમાવેશ કરવામાંઆવે છે. તેમજ આ સમગ્ર વિસ્તારને ડ્રાઈફિશીંગ ઝોન તરીકે ઓળખવામાં આવે છે. જિલ્લામાં રહેલા આ રીસોર્સીસ થકી સરકારને આવક થાય છે. જેમાં જળાશય ઈજારા રકમ પેટે કુલ રૂા.૯૬.૨૦ લાખ તથા ફિશીંગ લાયસન્સ ફી, ફિશીંગ બોટ વેરિફિકેશન તથા મત્સ્ય બીજ પેટે રૂા. ૫.૧૯ લાખ સહિત કુલ મળી ચાલુ વર્ષમાં રૂા. ૧૦૧.૩૯ લાખની આવક સરકારને થઈ છે.

મત્સ્યોદ્યોગની સહાયો મેળવવા માટે માછીમારોએ મત્સ્યોદ્યોગના વિવિધ પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરવાથી સહાયની રકમ માછીમારોના બેંક ખાતામાં સીધી જ જમા કરવામાં આવી રહી છે. હાલ મત્સ્યોદ્યોગ દ્વારા માછીમારોને અપાતા ફિશીંગમાં જવાના ટોકન, ડીઝલ સબસીડી તથા માછીમારીમાં ઉપયોગી સાધનોની સહાય તથા ફિશીંગ બોટના રજીસ્ટ્રેશન, લાયસન્સ જેવી તમામ સુવિધાઓ ઓનલાઈન માધ્યમથી માછીમારોને પૂરી પાડવામાં આવી રહી છે, તેમ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકે જણાવ્યુ હતુ.

### ખેતરની ફરતે તાર ફેન્સીંગ યોજના

## અમરેલી જિલ્લાનાં લાભાર્થી ખેડૂતોએ સમય મર્યાદામાં સહાય દરખાસ્ત રજૂ કરવી

### ગ્રામસેવક કે વિસ્તરણ અધિકારીને મળો

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લાનાં જે ખેડૂતોને ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટે પૂર્વ મંજૂરી મળી છે. તે ખેડૂતોએ સહાય મેળવવા માટે સમયમર્યાદામાં સહાય દરખાસ્ત રજૂ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

ખેતીવાડી ખાતાની ખેડૂતલક્ષી યોજનાં પાક રક્ષણ હેતુ ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવાની સહાયની યોજનામાં ખેડૂતો દ્વારા કરવામાં આવેલ અરજીઓ અન્વયે તાર ફેન્સીંગ બનાવવા માટે આપવામાં આવેલ. પૂર્વ મંજૂરીનાં અનુસંધાને સરકારનાં ઠરાવની જોગવાઈઓ મુજબ પૂર્વમંજૂરીમાં આપેલ સમય મર્યાદા પૂર્ણ થવામાં હોય, જે ખેડૂતોએ સરકારનાં ઠરાવ અનુસાર ફેન્સીંગ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ હોય, તેમણે તાર ફેન્સીંગ, એંગલ, થાંભલા વગેરે વસ્તુનાં ખરીદીનાં પાકા બિલ, મજુરીનાં વાઉચર તેમજ અન્ય જરૂરી સાધનિક કાગળો સાથેની સહાય દરખાસ્ત તાત્કાલિક સંબંધિત ગામ–તાલુકાનાં ગ્રામસેવક અથવા વિસ્તરણ અધિકારી–ખેતીને તાત્કાલિક રજૂ કરવા જણાવવામાં આવે છે. અરજદાર દ્વારા સમય મર્યાદામાં સહાય દરખાસ્ત રજૂ કરવામાં નહીં આવે તો ખેડૂતો આ યોજનાનો લાભ લેવા માંગતા નથી. તેવું માનીને આપૂર્વ મંજૂરી આપો આપ રદ–દફતરે થયેલ ગણાશે, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### દર વર્ષે રૂપિયા ૬ હજારની સહાય મળશે

## પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો લાભ મેળવવા માટે ખેડુતોએ જરૂરી વિગતો અપડેટ કરવી અનિવાર્ય

### ખેડૂતોએ બેંક સાથે આધાર સીડિંગ, ઈ–કે.વાય.સી. સહિતની વિગતો અપડેટ કરવી અનિવાર્ય

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ ત્રટ સમાન હપ્તામાં રૂ. ૬,૦૦૦ની સહાય તેમના ખાતામાં – ડાયરેકટર બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.)ના માધ્યમથી ચુકવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજીયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અપડેટ કરવી જરૂરી છે, જેમાં લેન્ડ સીડિંગ એટલે કે, જમીનની વિગતો અપડેટ કરાવવી, બેંક સાથે આધાર સીડિંગ તથા ડી.બી.ટી. ઈનેબલ કરાવવું અને ઈ–કે.વાય.સી. કરાવવું.

જે ખેડૂતોને પી.એમ. કિસાનની સહાય મળતી બંધ થઈ ગઈ હોઈ તેમણે આ ત્રણ વિગત અપડેટ છે કે નહિ તે ચેક કરવાનું રહે છે. લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન વેબસાઈટ પર આ વિગતો ચેક કરી લેવાની રહે છે અથવા આ માટે ગ્રામપંચાયતના વી.સી.ઈ. મારફત અથવા ત્રણ વિગતની સામે "NO"/ "REJECTED" બતાવે તો લેન્ડ સીડિંગ (જમીનની વિગતો) અપડેટ કરાવવા માટે આપની તાલુકા પંચાયતનો સંપર્ક કરવો. બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઈનેબલ માટે આપનું બેંક ખાતું હોઈ તે બેંકનો સંપર્ક કરી શકાશે અથવા આપની નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફીસ) નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે. ઈ–કે.વાય.સી. કરાવવા માટે જે–તે ગામના ગ્રામસેવકનો સંપર્ક કરવો અથવા આપના ગામના વી.સી.ઈ.નો સંપર્ક કરીને આ વિગતો અપડેટ કરી શકાશે.

આ માટે લાભાર્થીએ આધાર કાર્ડ અને મોબાઈલ નંબર તેમજ રૂબરૂ હાજરી જરૂરી રહેશે. આ અંગેની વધુ વિગતો માટે તાલુકા પંચાયત કચેરી અને વિસ્તરણ અધિકારી (ખેતી)નો અથવા ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વી.સી.ઈ. અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો, તેમજ અમરેલી જીલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં ત્રિપલ સવાર યુવકોને

૧૯ વર્ષિય યુવક તથા તેના મિત્ર પાર્થભાઈ બેરડીયા તથા મયુરભાઈ વાળા એ રીતેના તા. ૯ ના રાત્રે ૮:૪૫ વાગ્યે મોટર સાયકલ લઈને મહુવા રોડથી પોતાના ઘરે હાથસણી રોડ તરફ જતા હતા. તે વખતે ગૌશાળા પાસે સાફલીયા સ્કુલ પાસે પહોંચતા તે જ ગામે રહેતા રાજદિપભાઈ વીકમા, કરણભાઈ વાળા તથા એક અજાણ્યા વ્યકિતએ સામે જોવા બાબતે બોલાચાલી કરી યુવક તથા તેમના મિત્રોને શરીરે ઢીકાપાટુનો માર મારી શરીરે ઈજા કરી ગાળો આપી વાસાના ભાગે સોટી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી યુવકને જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં મોટાભાગનાં વિસ્તારોમાં

ગ્રામ્ય વિસ્તારમાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો. જયારે વડીયાના બરવાળા બાવળ, ખડખડ, તોરી ઉજળા, ખાન ખીજડીયા ગામમાં ધીમીધારે વરસાદ વરસતા લોકોમાં ખેશી જોવા મળી હતી.

આજે પણ જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ વિસ્તારોમાં મેઘરાજાનું આગમન થવા પામેલ હતુ. જાફરાબાદ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં જેવા કે મિતીયાળા, વાપાલિયા, વઢેરા, બાબરકોટ, લુણસાપુર સહિતના ગામોમાં વરસાદ પડયો હતો.

અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે સવારે ૬ થી રાત્રીના આઠ વાગ્યા સુધીમાં વડીયામાં ૩૦ મી.મી., બાબરામાં ૧૫ મી.મી., અમરેલીમાં ૩૪ મી.મી., ધારીમાં ૮ મી.મી., સાવરકુંડલામાં ૨ મી.મી., ખાંભામાં ૪૯ મી.મી., જાફરાબાદમાં ૧૨ મી.મી, રાજુલામાં ૪ મી.મી. વરસાદ નોંધાયો હતો.

### પાના ૮ ઉપરનું ચાલું ચલાલામાં આડેધડ દબાણ

અકસ્માત નોતરવા સમાન છે. ત્યારે હજારો બાળકો સતત ભયનાં ઓથાર તળે શિક્ષણ મેળવવા મજબુર બન્યા છે. તેટલું જ નહી પણ ચલાલા શહેરનાં જનજનની કાયમી આવશ્યક સેવાઓ સમાન ચલાલા નગર પાલિકામાં પણ ભ્રષ્ટાચારનાં ભોરીંગ ભરડો લેતાં હજારો માનવીઓની દિનપ્રતિદિનની નગરપાલિકા હસ્તકની આવશ્યક સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે હાલ ચલાલા શહેર પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઝઝુમી રહ્યું છે અને જનતા ઘંટીનાં બે પડ વચ્ચે અનાજ પિસાઈ તેમ પિસાઈ રહી છે .ત્યારે ચલાલાની જનતા પોતાના પરિવાર તથા પોતાના સંતાનોને સારૂ શિક્ષણ આરોગ્ય સહિતની આવશ્યક સેવાઓ ન મળતી હોય અને અહી કોઈ મોટાં ઉદ્યોયોગ કે ખેતી હોવાથી લોકો પોતાના માદરે વતન ને કાયમ માટે અલવિદા કરી અન્ય શહેરોમાં હિજરત કરી રહ્યાં છે. ત્યારે ચલાલા શહેરમાં કોઈ મોટા ઉદ્યોગો કે ઔધ્યોગિક એકમ પણ નહોય ત્યારે ચલાલાની જનતા માત્ર ખેતી અને ખેત મજુરી પર નિર્ભર છે. તો અહી કોઈ સિંચાઈ કે ડેમો કે ચેકડેમો પણ નથી. ખેડુતો અને ખેતમજુરોને ખેતી કરવી પણ મુશ્કેલ છે. ત્યારે અહી માત્ર કુદરત આધારિત ખેતી હોવાથી અહીંના હજારો ખેડૂતો બેકાર બનતાં ખેડુતો પણ ધીમે ધીમે અન્ય શહેરોમાં હિજરત કરી રહ્યાં છે. ત્યારે આવી અનેક મુસીબતોનો કારણે અહીંના વેપાર ધંધા અને રોજગારની બહું મોટી સમસ્યા સર્જાઈ છે. પરિણામે શહેરમાં ધીમે ધીમે ગરીબીનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે આવાં અનેક ગરીબ પરિવારો પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા કેબીનો છાંયા અને છાપરાં બનાવી પોતાની રોજીરોટી કમાતાં હતાં. ત્યારે તાજેતરમાં જ સરકારી તંત્ર જાણે તાનાશાહ બન્યું હોય તેમ કોઈ પણ પ્રકારની વ્યક્તિગત લેખીત નોટીસો કે કોઈ પણ પ્રકારનાં ખુલાસાઓ ન પુછી માત્ર માઈક એલાઉન્સમાં જાહેરાત કરી પોતાની મનસુફી મુજબ માનવતાને નેવે મૂકીને બળ પ્રયોગ કરી આડેધડ ડિમોલેશન કરતાં ગરીબ અને મધ્યમ વર્ગનાં નાનાં મોટાં વેપારીઓ સહિત ઘણાં પરિવારોનાં રહેણાંક નાં મકાનોને પણ ભારે નુકશાન પહોંચાડીને લોકોને મુશ્કેલીમાં મુકી દીધા છે. ત્યારે કોઈ પણ વિકાસ કામો કે કોઈ લોકહિતની યોજના સાકાર થતી હોય અથવા તો કોઈ મોટાં હાઈવેનું કામ શરૂ થવાનું હોય અને નડતર અથવા અડચણ રૂપ દબાણ દુર કરે એ સ્વાભાવિક અને કાયદાકીય બાબત ગણાય પરંતુ કોઈ પણ પ્રકારની દબાણ કરતાં ને નોટીસ ન આપવી અને જાહેર નોટીસ આપી આડેધડ જેસીબી ચલાવી તંત્રએ નાના એવાં શહેરમાં હાહાકાર મચાવ્યો છે. ત્યારે હાલ શાકભાજી અને ફળો અને નાનાં મોટાં મંજુરી કક્ષા નાં વેપાર કરી માંડ માંડ પોતાનું પેટીયું રળતા હજારો પરિવારો આજે પોતાના ધંધા રોજગારથી વંચિત કરી દેતાં અનેક પરિવારોને પોતાના પરિવારનું જીવન ગુજરાન ચલાવવું મુશ્કેલ બનશે. તો શહેરમાં પણ વેપારીઓનાં બોર્ડ પાણીનાં નિકાલ માટેનાં પતરા નાનાં ઓટલાઓ જે ટ્રાફિક વાહનો કે રાહદારીઓ ને કોઈ પણ પ્રકારે અડચણ રૂપ ન હોય ત્યાં પણ આડેધડ જેસીબી ચલાવી ઘણી મિલ્કતો ને પણ અત્યંત નુકસાન કરતાં ચલાલાની જનતા તંત્ર સામે લાચાર બની ફિટકાર વરસાવી રહી છે ત્યારે હજારો પરિવારોની રોજીરોટી છીનવાઈ રહી હોય અને શહેર નાંના નાં મોટાં વેપારીઓ અને ગરિબ અને મધ્યમનાં ફફડાટ વ્યાપી ગયો હતો. ત્યારે અનેક લોકોએ ચુંટાયેલા જવાબદાર પદાધિકારીઓને મધ્યસ્થી બની અને સરકારી તંત્રને યોગ્ય ભલામણ કરવા અને અડચણ રૂપ દબાણ દૂર કરવા સરકારી તંત્રને જયાં અડચણરૂપ દબાણ હોય તેવું લાગતું હોય તેવાં લોકોને લેખિત નોટિસ આપી તાકિદ કરે જેથી આવાં લોકો પોતાનું સ્વેચ્છાએ દબાણ દુર કરતા વધારાનું નુકસાન વેઠવું ન પડત તેમજ જવાબદાર રાજકીય પ્રતિનિધિઓએ જાગૃતતા દાખવી પોતાની જવાબદારીનાં ભાગરૂપે મધ્યસ્થી બન્યા હોત તો શહેરમાં ઘણા પરિવારોની રોજીરોટી મહદ્ અંશે બચી જાત અને ઘણાં લોકોને અણધાર્યુ નુકસાન વેઠવું ન પડત અને ચલાલા ની જનતા ભગવાન ભરોસે છે. તેવી પ્રતીતિ ન થાત અને જનતા મહદ્ અંશે રાહતનો શ્વાસ લઈ શકી હોત તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

## અવસાન નોંધ

**અમરેલી :** મૂળ દેવભૂમિ દેવળિયા હાલ અમરેલી નિવાસી પ્રવિણભાઈ છોટાલાલ મહેતા (ઉ.વ. ૬૨) તે કૈલાસબેન મહેતાના પતિ, મેહુલભાઈ, ઉર્વશીબેનના પિતા તા. ૧૦/૭નાં કૈલાસવાસી થયા છે. સદગતનું બેસણું તા. ૧૨/૭ ને શુક્રવારે સાંજના ૪ થી ૬ સુધી બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, મ્યુનિસિપલ ગર્લ્સ સ્કૂલની સામે, અમરેલી ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૦૩ |
| ૨ | શિંગ મોટી | ૯૪૨ | ૧૨૦૧ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૨૮ | ૧૪૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૯૯૫ | ૨૫૯૯ |
| ૬ | તલ કાળા | ૨૪૪૧ | ૩૩૭૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૩૫ | ૩૪૭૧ |
| ૮ | બાજરો | ૪૩૫ | ૪૭૪ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૪૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૯૨ | ૫૮૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૩ | ૫૭૮ |
| ૧૨ | મગ | ૧૪૨૫ | ૧૬૦૧ |
| ૧૩ | ચણા | ૧૦૬૧ | ૧૨૬૫ |
| ૧૪ | તુવેર | ૯૯૦ | ૧૫૧૦ |
| ૧૫ | કપાસ | ૯૦૦ | ૧૫૭૨ |
| ૧૬ | એરંડા | ૧૦૨૫ | ૧૧૫૮ |
| ૧૭ | જીરૂ | ૨૫૦૦ | ૫૧૭૦ |
| ૧૮ | રાય | ૯૪૦ | ૧૧૪૦ |
| ૧૯ | ધાણા | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૨૦ | મેથી | ૭૦૦ | ૧૦૩૦ |
| ૨૧ | સોયાબીન | ૭૭૫ | ૮૪૧ |
| ૨૨ | કાંગ | ૮૦૫ | ૮૦૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૮૧ | ૫૧૧ |
| ૨ | તલ | ૨૩૫૧ | ૨૩૫૧ |
| ૩ | ધાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૪ | સોયાબીન | ૮૨૮ | ૮૩૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૨ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૫૧ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૧૫૦ |
| ૫ | જીરૂ | ૪૭૦૦ | ૫૨૫૦ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૩૭૯ |
| ૧૦ | જુવાર | ૪૦૧ | ૭૬૦ |
| ૧૧ | મગ | ૧૪૫૦ | ૧૫૮૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૩૧૬ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | – |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૫ | મેથી | ૧૦૬૦ | – |
| ૧૬ | ધાણા | ૭૫૦ | ૧૧૦૦ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૧ | ૧૫૦૩ |
| ૨ | ચણા | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૩ | બાજરો | ૪૭૬ | ૪૭૬ |
| ૪ | સોયાબીન | ૭૮૪ | ૭૮૪ |
| ૫ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૭૧૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૨ | ૧૫૭૮ |
| ૨ | મગફળી | ૧૦૭૮ | ૧૧૫૨ |
| ૩ | તલ સફેદ | ૨૧૭૫ | ૨૨૧૫ |
| ૪ | જીરૂ | ૪૮૯૫ | ૫૦૩૫ |
| ૫ | ઘઉં | ૪૯૭ | ૫૨૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૯૬ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૪૯ |
| ૩ | મગ | ૧૩૨૦ | ૧૪૫૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૭૪ | ૫૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૦૦ |
| ૬ | ધાણા | ૧૨૪૦ | ૧૨૬૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૦૨ |
| ૮ | જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૮૨૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૬૬ | ૧૬૦૫ |
| ૧૧ | શીંગફાડા | ૧૧૬૦ | ૧૪૦૦ |
| ૧૨ | મગફળી | ૧૧૦૦ | ૧૧૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૦ |
| ૩ | તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૫૧૬ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૪૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૬૨ |
| ૭ | જુવાર | ૫૧૧ | ૯૦૦ |
| ૮ | ચણા | ૧૧૭૦ | ૧૨૫૧ |
| ૯ | જીરૂ | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૮૦૧ |

## પાલિકાનાં શાસકોનાં પ્રાથમિક સુવિધા આપવામાં ઠાગાઠૈયા

# બગસરામાં પાણીવેરામાં વધારા સાથે પાણી કાપથી રોષ

પાલિકાની કારોબારી બેઠકમાં વેરા વધારાનાં નિર્ણય સામે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉગ્ર વિરોધ

કારોબારી ચેરમેનને મીડિયાને જવાબ આપવાને બદલે ચાલતી પકડી

સ્થાનિક સોર્સ ઉભા કરવાનાં બદલે નર્મદાનાં પાણીનું રટણ બંધ કરાતું નથી

શહેરમાં હવે દર ૩-દિવસે પાણી વિતરણ કરવાનો નિર્ણય






બગસરા, તા.૧૧

બગસરા પાલીકા દ્વારા ગઈકાલે મળેલ મીર્ટીગમાં વેરા વધારવાની ચર્ચા બાદ પાણી વેરામાં ૫૦%જેટલોવધારોજીકીદેવામાંઆવેલ છેજયારેબીજીબાજુઆજથીએકાંતરા પાણી વિતરણના બદલે દર બે દિવસે પાણીઆપવાનાનિર્ણયનાલીધેલોકરોષ ભભૂકી ઉઠયો છે.

ગઈ કાલની મીટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સખત વિરોધ કરીઆંદોલન કરીગામનેબંધરાખવામાં આવશે તેવી મસ મોટી વાતો કરી હતી પરંતુ આજે બોર્ડની મીટીંગમાં અંતિમ નિર્ણયલેવાયેલહતો ચેમ્બર ઓફ કોમર્સ દ્વારાપાલિકાવેરા વધારાનોસખત વિરોધ કરેલહતો પરંતુ પાલિકા તસનીમસના થતાં પાલિકા દ્વારા વેરો વધારવા નિર્ણય લેવામાં આવેલહતો જયારે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આજે બોર્ડની મીટીંગમાં હંગામો મચાવેલ હતો પરંતુ પાલિકા પ્રમુખએ ચેમ્બરના પ્રમુખને વેરા વધારવા માટેના પત્રને આપી જે મુજબ કાલે વધારો નક્કી કરેલ હતો તે મુજબ વધારો નક્કી કરવામાં આવેલ હતો.

વિગત અનુસાર બગસરામાં વર્ષોથી એકાંતરા પાણી વિતરણ કરવામાં આવતું હતું પરંતુ આજથી તંત્ર દ્વારા નર્મદા પાણીની લાઈનમાં ભંગાણના બહાના હેઠળ હવેથી દર બે દિવસે પાણી આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે એક બાજુ હજુ ગઈકાલની વેરા વધારાની મિટિંગમાં જ પાણી વેરામાં ૩૦૦ રૂપિયા જેટલો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે તંત્રની આવી બેધારી નીતિ સામે લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે તંત્ર દ્વારા જણાવ્યા મુજબ નર્મદા પાણીની લાઈનમાં ભંગાણ પડયું હોવાથી ગઢડા થી ચાવંડ સેકસનમાં ૧૨૦૦ એમ.એમ. વ્યાસની પાઈપલાઈન જોડવા કામગીરી ચાલી રહેલ છે.

પરંતુ જાણવા મળતી વિગત અનુસાર શહેરમાં પહેલા જયારે નર્મદાનું પાણી ના આવતું ત્યારે પાલિકા રોજ પાણી આપતી હતી અને શહેરમાં પાણીના દાર કૂવા તેમજ ડેમમાં પણ પાણી છે તો પાલિકા પાસે પહેલીથી જ પાણીના ઘણા સ્ત્રોત હોવા છતાં શહેરની જનતાને દર બે દિવસે પાણી શા માટે.

જયારે હાલમાં પાલિકા જાણે નર્મદાના પાણી આધારિત બની ગઈ છે એવું લાગી રહ્યું છે લોકો દ્વારા જેવી રીતે પાણી આપતું તેવી જ રીતે પાણી આપવા માંગ ઉઠી છે.

# અમરેલી જિલ્લાનાં ખેડૂતોને નેનો યુરિયા અને ડીએપી ખરીદી પર રૂ. ૩૦૦૦ સુધીની સહાય

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લાનાં ખેડૂતોને યુરિયા- ડીએપી ખાતરનાં મજબૂત વિકલ્પ એવા નેનો યુરિયા માટે રાજય સરકાર દ્વારા ખેડૂતોને સહાય આપવામાં આવી રહી છે. રાજય સરકાર દ્વારા એ.જી.આર.-૨ યોજનામાં તમામ ખેડૂતોને કુલ કિંમતના ૫૦ટકા લેખે, પ્રતિ હેકટર રૂ. ૭૫૦ની મર્યાદામાં વધુમાં વધુ ચાર હેકટર માટે રૂ.૩૦૦૦ની મર્યાદામાં નેનો ફર્ટિલાઈઝરની ખરીદી પર સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ યોજનામાં અમરેલી જિલ્લાનાં ખેડૂતોને ખરીફ ઋતુમાં ૭૨.૧૦ લાખ અને રવિ ઋતુમાં ૭૨.૧૦ લાખ એમ કુલ ૧ કરોડ ૪૪ લાખ ૨૦ હજાર જેટલી સહાય ચૂકવવામાં આવશે. જેથી તેનો લાભ લેવા માટે ખેડૂતોને અનુરોધ કરવામાં આવે છે. અમરેલી જિલ્લાના ખેડૂતોને નેનો ફર્ટિલાઈઝર સહાયથી મેળવવા માટે જિલ્લામાં તાલુકાની સંબંધીત વિતરક સંસ્થા ખાતે ૮-અ, આધાર કાર્ડ રજૂ કર્યેથી મેળવી શકાશે. નેનો યુરિયા (પ્રવાહી) એ ભારત સરકારનાં ફર્ટિલાઈઝર કંટ્રોલ ઓર્ડર (FCO) દ્વારા સૂચિત વિશ્વનું પ્રથમ નેનો ખાતર છે. જેના થકી છોડને નાઈટ્રોજન કે ફોસ્ફરસ જેવા તત્વો પ્રવાહી સ્વરૂપમાં સીધા છોડને ઉપલબ્ધ કરાવી શકાય છે. નેનો ફર્ટિલાઈઝર પોષક તત્વોથી સમૃદ્ધ જમીન, પાણી અને હવાનાં પ્રદૂષણને ઘટાડવામાં સમર્થ છે. ઉપરાંત નેનો ફર્ટિલાઈઝરનો પરિવહન અને જાળવણી ખર્ચ પણ ઓછો છે. સ્પ્રેનાં કારણે આ યુરિયા તેમજ ડીએપીનો સંતુલિત ઉપયોગ થાય છે. જે ર્યાવરણ માટે સાઢં છે અને નેનો ફર્ટિલાઈઝરનાં સંતુલિત ઉપયોગને કારણે છોડમાં રોગો અને જીવાતોનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. ઉપરાંત તેનો ઉપયોગ અનાજ, કઠોળ, શાકભાજી, ફળ, ફૂલ સહિત અન્ય તમામ પાકોમાં ઉપયોગ કરી શકાય છે. તેમજ ખેતીમાં યુરિયાના આડેધડ ઉપયોગથી બચવા માટેની ગંભીર સમસ્યાથી છુટકારો મેળવવા માટે પણ નેનો ફર્ટિલાઈઝર દરેક તબક્કે વરદાન સાબિત થશે. નેનો યુરિયા ખેડૂતોને રૂ.૨૨૫ માં પ્રતિ બોટલ તથા નેનો ડીએપી રૂ. ૬૦૦ ના ભાવે પ્રતિ બોટલ મળી શકશે. જે પરંપરાગત યુરિયાની બેગ કરતા ૧૦ટકા તથા ડીએપીની બેગ કરતા ૫૦ટકા ઓછી કિંમતે ઉપલબ્ધ થશે. જેથી ખેડૂતો દ્વારા ખેતી પાછળ કરવામાં આવતા ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો કરી શકાશે.

આ યોજનાની વધુ જાણકારી માટે સંબંધિત તાલુકાના તાલુકા અમલીકરણ અધિકારી, વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા સંબંધિત ગામનાં ગ્રામસેવક (ખેતી)નો સંપર્ક કરવાનો રહેશે. તેમ અમરેલી જિલ્લાના ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

# ભારત અને શ્રીલંકા સીરીઝનું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય ટીમ હાલમાં ઝિમ્બાબ્વે સામે સિરીઝ રમી રહી છે. ત્યાર બાદ તેને શ્રીલંકા જવાનું છે. જ્યાં ૩ મેચની ટી૨૦ અને પછી ૩ મેચની વનડે સીરીઝ રમવાની છે.આ બંને સીરીઝનું શિડ્યૂલ જાહેર થઈ ગયું છે.ગત મહિને જ રોહિત શર્માની કપ્તાનીમાં ભારતીય ટીમે ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો છે. આ ટૂર્નામેન્ટ બાદ તરત કોચ તરીકે રાહુલ દ્રવિડનો કાર્યકાળ ખતમ થઈ ગયો હતો. ત્યારે આવા સમયે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરને નવા હેડ કોચ બનાવ્યા છે.હવે ગંભીર આ શ્રીલંકા પ્રવાસથી પોતાના કોચિંગની શરુઆત કરશે. આપને જણાવી દઈએ કે, ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ બાદ શુભમન ગિલની કપ્તાનીમાં યુવા ભારતીય ટીમ ઝિમ્બાબ્વેમાં છે. અહીં બંને ટીમ વચ્ચે ૫ મેચોની ટી૨૦ સીરીઝ રમાઈ રહી છે. ત્યાર બાદ ભારતીય ટીમ શ્રીલંકા જશે.જો કે, હાલમાં શ્રીલંકાના પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ નથી. કહેવાય છે કે આ અઠવાડીયના અંતમાં ટીમની જાહેરાત થઈ જશે. આ પ્રવાસ માટે ભારતીય ટી૨૦ ટીમની કપ્તાની હાર્દિક પંડ્યાને સોંપી શકે છે. જ્યારે વનડે કમાન કેએલ રાહુલને આપી શકે છે.તેનું કારણ રોહિત શર્માનું આરામ રહેશે. રિપોર્ટ્સની વાત માનીએ તો, રોહિત શર્મા હાલમાં આરામ પર છે. જ્યારે તે વર્લ્ડ કપ બાદથી ટી૨૦ ઈન્ટરનેશનલમાં સંન્યાસ લઈ ચુક્યો છે. ત્યારે આવા સમયે ટી૨૦માં હાર્દિક પંડ્યા અને વનડેમાં રાહુલ કપ્તાન હોય શકે છે. ભારતીય ટીમ આ પ્રવાસની શરુઆત ૨૬ જૂલાઈથી કરશે. ભારત અને શ્રીલંકાની વચ્ચે સૌથી પહેલા ૩ મેચોની ટી૨૦ સીરીઝ રમશે. આ તમામ મેચ પલ્લેકેલમાં ભારતીય સમયાનુસાર સાંજના ૭ વાગ્યાથી રમાશે. ત્યાર બાદ બંને ટીમો વચ્ચે ૩ મેચોની વનડે સીરીઝ રમાશે. પહેલી વન ડે મેચ ૧ ઓગસ્ટે રમશે. આ સીરીઝની તમામ વન ડે મેચ શ્રીલંકાની રાજધાની કોલંબોમાં રમાશે. ૫૦-૫૦ ઓવરની આ એકદિવસીય મેચ ભારતીય સમયાનુસાર બપોરે ૨.૩૦ કલાકે રમાશે.

ભારત-શ્રીલંકાનું શિડ્યૂલ

૨૬ જૂલાઈ- પ્રથમ ટી૨૦, પલ્લેકેલ

૨૭ જૂલાઈ-બીજી ટી૨૦, પલ્લેકેલ

૨૯ જૂલાઈ-ત્રીજી ટી૨૦, પલ્લેકેલ

૧ ઓગસ્ટ- પ્રથમ વન ડે, કોલંબો

૪ ઓગસ્ટ- બીજી વન ડે, કોલંબો

૭ ઓગસ્ટ- ત્રીજી વન ડે, કોલંબો

# અમરેલી ગજેરા કેમ્પસ દ્વારા સંચાલિત જ્ઞાનશકિત સ્કૂલમાં ''વિશ્વ વસ્તી દિન'' નિમીતે રેલી અને સ્પર્ધાનું આયોજન થયું










અમરેલી ૧૧ જુલાઈ ૨૦૨૪ને બુધવારના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશકિત સ્કૂલ્સ ઓફ એકસીલેન્સ-અમરેલી ખાતે વિશ્વ વસતી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય ઉદેશ વસતી વધારાની સમસ્યા પ્રત્યે લોકજાગૃતિ કેળવવાનો છે. વધતી વસ્તીએ વિશ્વના મોટાભાગના દેશોને જે ઝડપે વસ્તી વધારો થઈ રહ્યો છે. તે ખૂબ જ ચિંતાજનક બાબત છે. વસતી વધારો કોઈપણ દેશના વિકાસને અવરોધ ઉભો કરે છે.આ ઉજવણીના ભાગરૂપે શાળાના બાળકોમાં જાગૃતિ લાવવા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં તમામ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તથા વસતી વધારો એક સમસ્યા એ થીમ પર વિવિધ ચિત્રો દોર્યા હતા. આ ઉપરાંત બાળકો દ્વારા વસતી વધારા વિષય પર નાટક અને વકતવ્યનું પણ આયોજન થયુ હતુ. બાળકોએ સંવાદ કરી નાનુ કુંટુંબ સુખી કુંટુંબ વિષય પર હદય સ્પર્શી કૃતિની રજુઆત કરી હતી. જેની શુભ શરૂઆત સંસ્થાના મુખ્ય ગેટ પરથી સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા લીલી જંડી બતાવી કરવામાં આવી હતી. આ તકે સંસ્થાનાં મંત્રી ચતુરભાઈ ખુંટ હાજર રહ્યા હતા. તથા બાળકો નગરના માર્ગો પર વિવિધ પ્રકારના તૈયાર કરેલ પોસ્ટર્સ તેમજ બેનર લઈ શિસ્તિબધ રીતે ફર્યા હતા. તથા તેમણે ''ઓછા બાલ-જય ગોપાલ'', જનસંખ્યા પર રોક લગાઓ અને વિકાસની દોર વધારો', 'નાનુ કુટુંબ-સુખી કુટુંબ', અમે બે અને અમારા બે', પરિવાર નિયોજન અપનાઓ, જીવન ખુશહાલ બનાઓ' વગેરે નારાઓનુ ઉચ્ચારણ કર્યુહતુ. બાળકો દ્વારા ચોક તથા નુક્કડની જગ્યા પર શેરી નાટક રજુ કરી લોક જાગૃતિ લાવવા પ્રયત્ન કરેલ. આ ઉજવણી દ્વારા આપણે સૌ આ ગંભીર સમસ્યા તરફ સતર્ક થઈ તેનો યોગ્ય ઉકેલ શોધીએ જેથી કરીને આવનારી પેઢીઓ માટે આપણે કંઈક સારુ કરી શકીએ. વસતી વધારોએ રાષ્ટ્ર અને વિશ્વના તમામ જાતિ, સંપ્રદાય કે વર્ગ માટે ચિંતા ઉપજાવનારો છે. આ કાર્યક્રમની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તથા વિજેતા બનનાનાર તમામ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહી કરવમાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના સ્વપ્રદ્રષ્ટા વસંતભાઈ ગજેરાએ આ કાર્યક્રમ બદલ તમામ બાળકો તથા સહભાગી તમામ સ્ટાફગણને શુભ કામનાઓ પાઠવી [redacted]

## ગીરકાંઠા વિસ્તારમાં પશુ, પક્ષીઓ, વૃક્ષો અને માનવીઓ ઝુમી ઉઠયા

# ભૈ વાહ : ખાંભા પંથકમાં ૧૨ થી ૪ સુધીમાં ૨ ઈંચ વરસાદ

**સવારથી જ ઘટાટોપ વાદળો છવાયા અને બપોરનાં ૧૨ થી ૪ સુધી દે ધનાધન મુશળધાર વરસાદ**

**જરૂરી સમયે વરસાદ પડતાં કપાસ, મગફળી સહિતની મોલાતને જીવનદાન મળ્યું**

**મિતિયાળા માર્ગ ઉપર આવેલ માર્કેટયાર્ડ નજીક માર્ગો નદીમાં ફેરવાયા**

**છેલ્લા ૧૦ દિવસથી મેઘાની પધરામણી થતાં સમગ્ર પંથકમાં હરિયાળી છવાઈ ગઈ**







તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૧
અમરેલીજિલ્લાનાંગીરકાંઠે આવેલ ખાંભા પંથકમાં આજે બપોરનાં ૧૨ થી ૪ વચ્ચે ૨ ઈંચ જેટલો વરસાદ પડતાં સમગ્ર પંથકનાં માનવીઓ, પશુઓ, પક્ષીઓ અને વૃક્ષો ઝૂમી ઉઠયા હતા અને સમગ્ર પંથકમાં હરિયાળીનો માહોલ ઉભો થયો છે.
ખાંભા પંથકમાં સવારથી જ વાદળછાયુ વાતાવરણ બની રહ્યું હતું અને બપોરનાં ૧૨ થી ૪ વચ્ચે ધોધમાર વરસાદ પડતાં ઠેક–ઠેકાણે પાણી ભરાયા હતા તો મિતિયાળા માર્ગ ઉપર આવેલ માર્કેટયાર્ડ નજીકનો માર્ગ નદી બની ગયો હતો.
ખાંભા પંથકમાં મોં માગ્યા વરસાદથી કપાસ, મગફળી જેવી મોલાતને જીવનદાન મળતાં ખેડૂતો ખૂશ થયા હતા. સમગ્ર પંથકમાં છેલ્લા ૧૦ દિવસથી ઓછો–વતો વરસાદ પડતાં સમગ્ર પંથકમાં હરિયાળીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### પેરાલીસીસ થઈ જતાં પરેશાન હતા

## વડિયાનાં રામપુર ગામનાં વૃધ્ધાએ જીંદગીથી કંટાળી એસિડ પી લીધું

**રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૧, વડીયા તાલુકાના રામપુર ગામે રહેતા ચંપાબેન કાનાભાઈ ચકાભાઈ મકવાણા નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધાને અગાઉ બે વખત પેરાલીસીસનો હુમલો આવી ગયેલ હોય તેના કારણે પગમાં ખોટ રહી ગયેલ હોય. જેથી પોતાની જિંદગીથી કંટાળી જઈ તા. ૯ ના રોજ બપોરના ૧૨ વાગ્યાના સુમારે રામપુર ગામે પોતે પોતાની મેળે એસિડ પી લેતા રાજકોટ મુકામે સારવાર અર્થે દાખલ થયેલ જયાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સામે જોવા બાબતે થઈ માથાકૂટ

## સાવરકુંડલાનાં ત્રિપલ સવાર યુવકોને અન્ય 3 વ્યકિતઓએ ધમકી આપી

**પોલીસે જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૧
સાવરકુંડલા ગામે આવેલ હાથસણી રોડ ઉપરની નાગનાથ સોસાયટી બ્લોક નં. ૬૮ માં રહેતા કૌશીકભાઈ લલીતભાઈ ભેડા નામનાં
અનુસંધાન પાના ૬ ઉપર

### દરિયાકાંઠા વિસ્તારમાં માથાકૂટ થઈ

## રાજુલાનાં ખેરા ગામે મચ્છી પકડવાની જાળ કેમ ફાડી તેમ કહી આધેડ ઉપર હુમલો

અમરેલી, તા. ૧૧
રાજુલા તાલુકાના ખેરા ગામે ખોખરી વિસ્તારમાં રહેતા મંગળભાઈ રણછોડભાઈ ગુજરીયા નામનાં ૪૫ વર્ષિય આધેડ તથા અન્ય લોકો તા. ૧૦ ના રાત્રીના સમય દરમ્યાન દરીયા કાંઠે મચ્છી પકડવા ગયેલ. ત્યારે તે જ ગામે રહેતા આરોપીઓ ભાણાભાઈ દાદુભાઈ ગુજરીયા, વનરાજભાઈ બોઘાભાઈ ગુજરીયા તથા ધરમશીભાઈ બોઘાભાઈ ગુજરીયાએ કહેલ કે, તમે અમારી જાળ કેમ ફાડી નાખી તેમ કહી આધેડને પકડી લાકડી વડે ડાબા પગના સાંથળના ભાગે તથા પીંડીના ભાગે મુંઢમાર મારી ગાળો આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### વહીવટ તંત્રને વિકાસ કરવામાં જરા પણ ઉતાવળ નથી

## ચલાલામાં આડેધડ દબાણ હટાવાતાં ગરીબ પરિવારોની સ્થિતિ દયાજનક બની

**જાગૃત નાગરિક અશોકસિંહ તલાટીયાએ નારાજગી વ્યકત કરી**



ચલાલા, તા. ૧૧
અમરેલીજિલ્લાનાંહાર્દસમા અને પવિત્ર યાત્રાધામ અને ચાલીસ હજાર ની માનવ વસ્તી ધરાવતું અને નગરપાલિકાનો દરજ્જો અને આજુબાજુનાં ચાલિસ ગામને જોડતું શહેર હોવાં છતાં ચલાલા જેવાં ભાતીગળ શહેરમાં આજે પ્રથમ તો વિકાસનાં નામે મોટું મિંડુ છે. તેટલું જ અહીંના માનવીઓને જીવન જરૂરી અતી આવશ્યક સેવાઓ આપવામાં પણ સરકારીતંત્ર અને ચુંટાયેલા પ્રતિનિધિઓ સદંતર નિષ્ફળ રહ્યાં છે. કેમ કે ચલાલા શહેરમાં સાજાં માંદા પડે માંદા મરવા પડ રોડ રસ્તા અને નાનાં ગામડાંઓથી મહાનગરો સુધી નર્મદાનાં પાણી મળે છે. તો ચલાલાના ચાલીસ શહેરીજનો અશધ્ધ અને ફલોરાઈડવાળું પાણી પીવા મજબૂર છે અને જનતા શુધ્ધ પાણી માટે વલખી રહી છે. તો શહેરમાં શિક્ષણ સમુહિક આરોગ્ય કેન્દ્ર સુરક્ષા પશુ સારવાર કેન્દ્ર બેન્કીંગ સેવાઓ કે સહિત ચલાલા શહેરમાં જયાં હજારો બાળકો અભ્યાસ કરે છે. તેવી શાળાઓ લગભગ સો વર્ષ પહેલાં બની છે અને હાલ અતી ખખડધજ અને જર્જરિત બની ચુકી છે. જેમાં અભ્યાસ કરવો એ પણ એક
અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)